/ સમ્યક્ જ્ઞાન દર્શન ચારિત્રાણી મોક્ષમાર્ગઃ/

પ્રભુ તુજ શાસન અતિભલું

“उपधान–विधि।”

આચાર્ય માહરાજ શ્રી વિજયદાનસૂરિજીના ઉપદેશથી ઝવેરી ખીમચંદ મેલાપચંદ તથા ઝવેરી ચેલાભાઇ રતનચંદની આર્થિક સહાયથી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

માસ્તર છગનલાલ ગુલાબચંદ,

ઠે. ગોપીપુરા–સુરત.

આવૃત્તિ પહેલી પ્રત ૧૦૦૦

સંવત ૧૯૮૧. વીરસંવત ૨૪૫૧

કીંમત ૦–૧–૦

પ્રભુ ગુર્જ શાસન અતિભલું

"उपधान–विधि।"

આચાર્ય મહારાજ શ્રી વિજયદાનસૂરિજીના ઉપદેશથી ઝવેરી ખીમચંદ મેલાપચંદ તથા ઝવેરી ઘેલાભાઇ રતનચંદની આર્થિક સહાયથી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
માસ્તર છગનલાલ ગુલાબચંદ
ઠેઠ ગોપીપુરા–સુરત.

આવૃત્તિ પહેલી પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૮૧. વીરસંવત ૨૪૫૧

કીંમત ૦–૧–૦

સુરત લીમડાચોકમાં આવેલા શ્રી "હરિ–હર" પ્રીં. પ્રેસમાં હરીલાલ મગનલાલે છાપી.

સુરતના સંઘના સદ્ભાગ્યોદયથી સંવત ૧૯૮૧ માં શાસન નાયક યુગ પ્રધાન ઢુંઢક મતોચ્છેદક સૂરિશ્વર ચક્ર ચક્રવર્તી ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વર પટ્ટ નભો નભોમણિ મિથ્યાત્વ તિમિર નાશક શ્રી વિજયકમળ-સૂરીશ્વરજી પોતાના પ્રથમ પટ્ટધર શ્રી વિજયદાનસૂરિજી તથા દ્વિતીય પટ્ટધર શ્રી વિજયલબ્ધિસૂરિજી આદિ સંવેગ રંગ રંગીત સાધુ સમુદાય સાથે ચતુર્માસ રહ્યા છે. તેમના ઉપદેશામૃત પાનથી આનંદિત થઇ ઉપધાન વહનનું તમામ ખર્ચ ઝવેરી ખીમચંદ મેલાપચંદ તથા ઝવેરી ઘેલાભાઇ રતનચંદે નક્કી કર્યું. આ પ્રસંગે ઉપધાન તથા પૌષધ સંબંધી વિધિનું ઉપધાન વાહકોમાં અજાણપણું જણાવાથી તે સંબંધી જાણપણું શ્રાવક-શ્રાવિકાઓને થાય એવા ઇરાદાથી સંસ્કૃત અને માગધી વિધિઓ ઉપરથી આચાર્ય માહરાજા શ્રી વિજયદાનસૂરીશ્વરજીની સહાયથી ભાવનગરમાં શા. કુંવરજી આણંદજીએ તૈયાર કરેલી બુક ઉપરથી ઉપરોક્ત સૂરીશ્વવરજી મહારાજની સહાયથી કેટલાક સુધારા વધારા સાથે આ ચોપડી સંવત ૧૯૮૧ માં બહાર પાડવામાં આવી છે. તેમાં જે કાંઇ સ્ખલના વિદ્વાન્ અને વિધિના અનુભવી મુનિરાજને જણાય તો અમને લખી મોકલવા કૃપા કરવી કે જેથી ભવિષ્યમાં સુધારો થઇ શકે.

તા. કઃ—વિધિના જાણ પ્રથમ થઇને કોઇપણ ક્રિયા કરવામાં આવે તોજ તે વિશુદ્ધ થઇ શકે છે તેને માટેજ આ પ્રયત્ન કરવાની હમોએ પણ જરૂર ધારી છે. આશા છે કે ઉપધાન વહન કરવાના ઇચ્છક શ્રાવક શ્રાવિકાઓ આ બુકનો યોગ્ય લાભ લેશે જેથી પ્રયાસ સફળ થાય તથાસ્તુ.

શા. છગનલાલ ગુલાબચંદ સુરત.

(न्यायांभ्योनिधि श्रीमद् विजयानन्दसूरीश्वरजीना पट्टधर)



"आचार्य श्रीमद् विजयदानसूरिजी ।"
(श्रीमद् विजयकमलसूरीशना प्रथम पट्टधर)

"आचार्य श्रीमद् विजयलब्धिसूरिजी ।"
(श्रीमद् विजयकमलसूरीशना द्वितीय पट्टधर)

❋ "जैनाचार्य श्रीमद विजयकमलसूरीश्वरजी" ❋

श्रीवीतरागाय नमः ।

“न्यायाम्भोनिधि-श्रीमद्विजयानन्दसूरीशेभ्यो नमः ।”

“उपधान-विधि ।”

મુનિ મહારાજાઓને સૂત્ર સિધ્ધાંતોના અભ્યાસની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે જેમ યોગોદ્વહન કરવાનું પરમાત્માએ સિદ્ધાંતોદ્વારા ફરમાવ્યું છે અને તે આજ્ઞાનું આરાધન કરવાના અભિલાષી મુનિઓ યોગોદ્વહન કરે છે તે પ્રમાણે શ્રાવકોને માટે દેવવંદનમાં આવતા સૂત્રોને માટે ઉપધાન વહન કરવાનું શાસ્ત્રકારે ફરમાવેલું છે. પ્રથમ અક્ષર માત્ર તે તે સૂત્રો કંઠે કર્યા હોય અથવા અર્થ સહિત તેનું પરિજ્ઞાન મેળવ્યું હોય પરંતુ જેમ અનેક પ્રકારના મંત્રો સિધ્ધ કરવાને માટે તેના કલ્પ મુજબ તે તે મંત્રો સિધ્ધ કરવા સારૂ અમુક તપસ્યા કરવી પડે છે, અમુક સ્થિતિમાં, અમુક સ્થળે, અમુક આસને બેસવું પડે છે, અમુક સંખ્યામાં તે તે મંત્રનો એકાગ્ર ચિત્તે જાપ કરવો પડે છે અને તે પ્રસંગે પ્રાપ્ત થતા ઉપદ્રવો–ઉપસર્ગો સહન કરવા પડે છે ત્યારે તે મંત્રો સિધ્ધ થાય છે અને પછી તેનો યથાયોગ્ય ઉપયોગ કરી શકાય છે, તેમ નમસ્કારાદિ સૂત્રોને યથાયોગ્ય રીતે પ્રાપ્ત કરવા માટે અમુક તપસ્યા કરવી. અમુક સ્થિતિમાં રહેવું, અમુક સંખ્યામાં તેનો નિરંતર જાપ કરવો, અને ઉપધાન વહન કરાવવાની યોગ્યતા ધરાવનારા મુનિરાજ પાસે તે તે સૂત્રોની વિધિ પૂર્વક વાંચના લેવી ઇત્યાદિ ક્રિયા કરવામાં આવે છે તેને ઉપધાન કહેવામાં આવે છે. ઉપધાન શબ્દનો અર્થ–ઉપ એટલે સમિપે-ગુરૂ સમિપે–ધાન એટલે ધારણ કરવું, ‘નવકારાદિ સૂત્રોને શાસ્ત્રોક્ત વિધિ મુજબ ગુરૂ મહારાજને મુખેથી ગ્રહણ કરવા’ તે થાય છે. આ શબ્દનો બીજી રીતે પણ અર્થ થઇ શકે છે.

ઉપધાન વહન કરવાની ફરજ સર્વ શ્રાવક શ્રાવિકાઓની છે, છતાં તપશકિત વિગેરેના અભાવે અથવા મંદ ભાવે સર્વથી ઉપધાન વહન કરવાનું બની શકતું નથી, તોપણ જ્યારે તેવી શક્તિ પ્રાપ્ત થાય ત્યારે અવશ્ય ઉપધાન વહન કરવાં એવી ધારણા—શ્રધ્ધા અવશ્ય રાખવી. જેઓ ઉપધાન વહન કરવાની શી જરૂર છે ? એમ કહેનારા—શ્રદ્ધા વિનાના છે. તેને શાસ્ત્રકાર મિથ્યાદૃષ્ટિ તેમજ અનંત સંસારી કહે છે.

ઉપધાન વહન કરવાની પ્રવૃત્તિ હાલમાં કેટલેક દરજ્જે વધતી જાય છે. પરંતુ તે વહન કરનારમાં મોટો ભાગ સ્ત્રી વર્ગનો હોય છે અને તેમાં પણ મોટો ભાગ અણજાણનો હોય છે, પણ તેથી એમ સમજવાનું નથી કે એ કરણી અજ્ઞાનીની કે સ્ત્રી વર્ગની છે. તે કરણી તો શુદ્ધ સમકિત દૃષ્ટિ સુજ્ઞ શ્રાવક શ્રાવિકાની છે, અને શ્રાવકપણામાં ખાસ કરીને ઉચ્ચવૃત્તિની એ કરણી છે, પરંતુ કાળાનુસાર શક્તિની મંદતાથી તેમજ શ્રધ્ધાની મંદતાથી સુખશીલપણાથી સુજ્ઞ ગણાતો પુરૂષવર્ગ એ ક્રિયામાં ઓછો દાખલ થાય છે, પણ એમ કરવાથી એક મનુષ્ય જીંદગીમાંજ લઈ શકાય તેવા અત્યુત્તમ લાભથી તેઓ બેનશીબ રહે છે.

ઉપધાન વહન કરવાથી અનેક પ્રકારના લાભો થાય છે. પ્રથમ તો શ્રીજિનેશ્વરની આજ્ઞાનું આરાધન થાય છે, તપસ્યા વડે કર્મોનું શોષણ થાય છે, અસારભૂત શરીરમાંથી સાર ગ્રહણ થાય છે, શ્રુતની અપૂર્વ ભક્તિ થાય છે, દરરોજમો પોસહ કરવાનો હોવાથી મુનિપણાની તુલના થાય છે, ભાગ્યયોગે મુનિપણું આગળ પ્રાપ્ત થાય તો તેમાં સરલતા થઈ જાય છે, ઈંદ્રિયોનો નિરોધ થાય છે, કષાયનો સંવર થાય છે, આખો દિવસ સંવર કરણીમાં જ નિર્ગમે છે, દેવવંદનાદિવડે દેવભક્તિ અને ગુરૂવંદનાદિવડે ગુરૂભક્તિ

થાય છે ઇત્યાદિ અનેક લાભો તેથી પ્રાપ્ત થાય છે, મનુષ્યની જીંદગીમાં અને શ્રાવકપણામાં આ કાળે કરી શકાય તેવી ધર્મકરણીમાં આ એક ઉચ્ચવૃત્તિની કરણી છે, તેના અધિકારી થવું એ પણ પૂરા ભાગ્યોદયની નિશાની છે.

ઉપધાન વહનની આવશ્યકતાને અંગે પ્રારંભમાં આટલો નિર્દેશ કરી હવે ઉપધાન કયા કયા સૂત્રોના વહન કરવામાં આવે છે? તેનું દિવસનું ને તપસ્યાનું પ્રમાણ કેટલું છે? તેમાં વાંચના ક્યારે ક્યારે લેવાય છે? તેનો વિધિ શું છે? તેની અંદર એકાશનમાં કઈ કઈ વસ્તુ કેવી રીતે વપરાય છે? કઈ વસ્તુ વાપરવાનો નિષેધ છે? કયા કયા કારણો આલોયણ આવે તેવાં છે? કયા કયા કારણોથી દિવસ પડે છે? દિવસ પડે એટલે શું? ઉપધાન વહન કરતાં દરરોજ શી શી ક્રિયાઓ કરવાની છે? કેટલા ઉપકરણો સ્ત્રીઓએ અને પુરૂષોએ રાખવાં પડે છે? આ સિવાય બીજી ઉપધાનને અંગે જાણવા યોગ્ય હકીકત શી શી છે? ઉપધાનમાંથી નીકળ્યા પછી ધાર્મિક વર્તનને અંગે શું શું કરવું પડે છે? ઇત્યાદિ બાબતો તેની વિધિઓ ઉપરથી તેમજ ગુરૂ મહારાજની સમીપેથી જાણીને આ નીચે બતાવવામાં આવેલા છે તેની અંદર જે વિધિ ગુરૂ મહારાજને કરાવવાની છે, તે તેમનાથીજ કરાવી શકાય છે, સ્વતઃ કરાતીજ નથી તેથી તે લખવામાં આવેલ નથી. તેમજ કઇ બાબતની આલોયણ શું આવે તે પણ ગુરૂમહારાજને આધીન હકીકત હોવાથી તે પણ લખવામાં આવેલ નથી. માત્ર ઉપધાન વહન કરનારા તેમજ કરવાની ઇચ્છાવાળાના હૃદયપટ ઉપર કેટલુંક અજવાળું પડે અને કેટલીક બાબતમાં બહુ પૂછપરછ કરવાની જરૂર ન પડે, ક્રિયામાં સરલતા થાય તેટલા માટે આ અલ્પ પ્રયાસ કરવા ઇચ્છા કરી છે. આશા છે કે તે કેટલેક દરજ્જે ઉપયોગી થશે.

ઉપધાનની વિધિ જીતવ્યવહારને અનુસારે લખવામાં આવેલી છે. શ્રી મહાનિશીથ સૂત્રમાં તે સંબંધી વિશેષ અધિકાર દ્રષ્ટિગોચર થાય છે. ઉપધાન વહન કરાવવાના અધિકારી પણ શ્રી મહાનિશીથ સૂત્રના યોગ વહન કરનાર અથવા ગણિ કે પંન્યાસ થયા હોય તેવા મુનિ છે. તેમાં પણ જેમનો શાસ્ત્રબોધ વિશેષ હોય, ક્રિયા કરાવવામાં પ્રવીણ હોય, શુધ્ધ અને પૂર્ણ ક્રિયા કરાવવાની રૂચિવાળા હોય, તેનું રહસ્ય સમજતા હોય, એવા મુનિ મહારાજા પાસેથી ઉપધાન વહન કરવા યોગ્ય છે કે જેથી કરેલી ક્રિયા શુધ્ધ થવા સાથે તેને અંગે બીજા પણ અનેક લાભ થઈ શકે.

ઉપધાન ઉત્કૃષ્ટ ચૈત્યવંદનમાં અથવા દેવવંદનમાં આવતા સૂત્રોના વહન કરાય છે. તેના મુખ્ય ૬ વિભાગ છે.

પ્રથમ ઉપધાન–પંચમંગળ મહાશ્રુતસ્કંધ (નવકાર)નું.

બીજું ઉપધાન–પ્રતિક્રમણ શ્રુતસ્કંધ (ઈરિયાવહી, તસ્સ ઉત્તરી) નું.

ત્રીજું ઉપધાન–શક્રસ્તવાધ્યયન (નમુથ્થુણં) નું.

ચોથું ઉપધાન–ચૈત્યસ્તવાધ્યયન (અરિહંત ચેઈયાણં, અન્નથ્થ ઉસસિએણં) નું.

પાંચમું ઉપધાન–નામસ્તવાધ્યયન (લોગસ્સ) નું.

છઠ્ઠું ઉપધાન–શ્રુતસ્તવ સિધ્ધસ્તવાધ્યયન (પુખ્ખરવરદી૦ અને સિદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં) નું.

આ છ ઉપધાન વહન કરવાના દિવસો અનુક્રમે ૧૮–૧૮–૩૫–૪–૨૮–૭ એ પ્રમાણે કુલ મળીને ૧૧૦ થાય છે. છ ઉપધાનમાં તપ અનુક્રમે ૧૨ાા-૧૨ાા-૧૯ાા-૨ાા-૧૫ાા-૪ાા ઉપવાસ પ્રમાણ કરવાનો છે. કુલ ઉપવાસ ૬૭ નું પ્રમાણ થાય છે.

તિવિહાર કે ચૌવિહાર ઉપવાસ કરે તે એક ઉપવાસ ગણાય છે. બે આંબિલે એક ઉપવાસ ગણાય છે. ત્રણ નીવીએ એક ઉપવાસ ગણાય છે, ચાર એકાસણે એક ઉપવાસ ગણાય છે. આઠ પુરિમઢ્ઢે એક ઉપવાસ ગણાય છે, એ પ્રમાણે બીજાં નમુક્કારસહી વિગેરે તપને માટે પણ અમુક સંખ્યાએ એક ઉપવાસ ગણાય એવો પ્રબંધ છે. * અહીં ખાસ કરીને આંબિલ એકાસણુ ને પુરિમઢ્ઢ સંબંધી તપનોજ સંબંધ હોવાથી તેનું પ્રમાણ ધ્યાનમાં રાખવાનું છે. અને તે રીતે તપ પૂર્ણ કરવાનો છે. આ સમગ્ર તપ અહોરાત્રિના પૌષધ સાથેજ કરવાનો છે.

૭ ઉપધાન સાથે વહન કરવામાં કાળ વધારે જોઇએ, તેટલો વખત એક સાથે શ્રાવક શ્રાવિકા સંસાર છોડીને પૌષધમાં રહેવાની સ્થિરતા કરી શકે નહીં તેથી ત્રીજું ને ૫ મું ઉપધાન વહન કરવાનું બાકીમાં રાખી બાકીના ચાર ઉપધાન જેનું એકંદર પ્રમાણ ૪૭ દિવસનું થાય છે તે એક સાથે વહેવામાં આવે છે. અને તેને અંતે માળ પહેરવામાં આવે છે. આ માળ ઉપધાન વહનની સમાપ્તિ સૂચક છે. તે સંબંધી વિશેષ હકીકત માળારોપણના પ્રસંગમાં પ્રદર્શિત કરવામાં આવશે.

એક સાથે વહેવાના ૪ ઉપધાનો પૈકી ગાઢ કારણથી જો એક કે બે અઢારીઆ એટલે પહેલું ને બીજું ઉપધાન વહન કરવામાં આવે તો અથવા એક અઢારીયુંજ વહન કરવામાં આવે તો ત્યાર પછી જો બાર વર્ષની અંદર ફરીને ઉપધાન વહન કરે તો તે અઢારીયું લેખામાં ગણાય, ત્યાર

* ૪૫ નવકારસહીએ, ૨૪ પોરિસીએ, ૧૮ સાઢ પોરિસીએ, ૧૬ દુવિહાર પુરિમઢ્ઢે, ૧૨ તિવિહાર પુરિમઢ્ઢે, ૮ ચૌવિહાર પુરિમઢ્ઢે, ૧૦ તિવિહાર અવઢ્ઢે, ૬ ચૌવિહાર અવઢ્ઢે, ૮ બીયાસણે ૪ એકાસણે, ૭ નીવીએ, ૨ આયંબિલે, ૧ શુદ્ધ આયંબિલે ઉપવાસ ગણાય છે.

પછી લેખામાં ન ગણાય. અને ચોથું ને છઠું ઉપધાન વહન કર્યા પછી છ માસની અંદર માળ ન પહેરે તો એ એ ઉપધાન બાર વર્ષની અંદર જ્યારે માળ પહેરે ત્યારે ફરીને વહેવા પડે.

આ ઉપધાન સંબંધી તપ પ્રથમ બીજી રીતે કરાવવામાં આવતો હતો, પરંતુ શારીરિક સ્થિતિ મંદ થવાના કારણથી હાલમાં પૂર્વાચાર્યોએ તપનો ક્રમ ફેરફાર કરી દિવસોમાં વૃદ્ધિ કરીને ઉપર બતાવેલો ક્રમ ઠરાવેલો છે. દ્રષ્ટાંત તરીકે પૂર્વે પ્રથમ ઉપધાન ૧૬ દિવસે વહેવરાવતા હતા, તેમાં પ્રથમ ૫ ઉપવાસ પછી ૮ આંબેલ અને પછી ૩ ઉપવાસ કરાવતા હતા, એટલે તેમાં પણ તપ તો કુલ ૧૨ ઉપવાસ પ્રમાણ થતો હતો. તે ક્રમ ફેરવી બે દિવસ વધારી હાલમાં એકાંતર ઉપવાસ કરાવી ૧૮ દિવસે પ્રથમ ઉપધાન વહન કરાવવામાં આવે છે. એ પ્રમાણે અન્ય ઉપધાન માટે પણ સમજી લેવું.

હાલમાં કરાતી પ્રવૃત્તિ, પ્રમાણે ૧૮ દિવસમાં એકાંતરે ૯ ઉપવાસ અને ૯ એકાસણના ૨ા ઉપવાસ ઉપરાંત એકાસણાના દિવસે પુરિમઢ્ઢ કરાવે છે તેના ઉપવાસ ૧।= શેષ કાંઇક ખુટે છે તે એકાદ દિવસ આંબિલ કરાવવાથી પૂર્ણ થાય છે. ઉપવાસને દિવસે કરવામાં આવતું પુરિમઢ્ઢ વિશેષ તપમાં ગણાતું નથી, ઉપવાસની અંતર્ગતજ તેનો સમાસ થાય છે. આંબિલને માટે પણ એમજ પ્રવૃત્તિ છે; શુદી ૫–૮–૧૪ અને વદિ ૮–૧૪ આ પાંચ તિથિએ જો એકાશન આવે તો તે દિવસે આંબિલ કરાવવામાં આવે છે. જેથી તપ પુર્ણ થાય છે.

આ એકાશન પણ સામાન્ય એકાશન જેવું નથી, તેમ તેને (લુખી) નીવી પણ કહી શકાય તેમ નથી. કારણ કે (લુખી) નીવીમાં નીવીયાતા વપરાતા નથી તે આમાં વપ-

રાય છે. આમાં સામાન્ય એકાશન કરતાં વિશિષ્ટતા એ છે કે— તમામ વિગયો નીવીયાતી કરેલીજ વપરાય છે, કાચી વિગય વપરાતી નથી. ઘી વિગેરે નીવીયાતા કર્યા પછીજ ઉપયોગમાં લેવાય છે. તેલ પ્રાયે અલ્પ જ-કૂવચિત જ વપરાય છે. તેનું મુખ્ય કારણ શારીરિક સ્થિતિ જાળવવાનું છે. છાશ વપરાતી નથી, દહીં પણ કઢી, શાક કે અન્ય પદાર્થોમાં નાંખીને વપરાય છે પણ છુટ્ટું વપરાતું નથી. લીલોતરી (લીલીવનસ્પતિ *)નું શાક વપરાતું નથી. આ સિવાય બીજી હકીકત તેના અનુભવીથી જાણવા યોગ્ય છે. આમાં પ્રાધાન્યપણું શાસ્ત્રોક્ત મર્યાદા સાથે પ્રવૃત્તિનું છે.

પ્રથમ ઉપધાન પ્રમાણેજ બીજા ઉપધાનમાં તપ કરાવવામાં આવે છે. ત્રીજું ઉપધાન અને પાંચમું ઉપધાન, જે કે ૩૫ ને ૨૮ દિવસનું છે તે છુટા એકલાજ વહન કરવામાં આવે છે. પરંતુ તે પહેલા બીજા ઉપધાન વહન કરનારા થાય ત્યારે તેની સાથેજ વહન કરાય છે; તેથી તેમાં તપ પણ એકાંતર ઉપવાસની રીતેજ કરવામાં આવે છે. જો ખાસ તે જુદા વહેવામાં આવે તો ત્રીજા ઉપધાનમાં પ્રથમ ૩ ઉપવાસ અને પછી ૩૨ આંબેલ એમ ૩૫ દિવસે ૧૯ ઉપવાસનો તપ પુર્ણ કરવામાં આવે છે અને પાંચમા ઉપધાનમાં પ્રથમ ૩ ઉપવાસને ઉપર ૨૫ આંબેલ વડે ૧૫ા ઉપવાસનો તપ પૂર્ણ કરવામાં આવે છે. ચોથું ઉપધાન ચાર દિવસનું છે. તેમાં પ્રથમ ૧ ઉપવાસ ને ત્રણ આંબીલ કરાવી ૨ા ઉપવાસનો તપ પૂર્ણ કરવામાં આવે છે. અને છઠું ઉપધાન ૭ દિવસનું છે. તેમાં પ્રથમ ને પ્રાંતે ઉપવાસ અને વચ્ચે પાંચ આંબિલ કરાવી ૪ા ઉપવાસનો તપ પૂર્ણ કરવામાં આવે છે. આ બે ઉપધાનનો ક્રમ ચોથા

* પાકા કેળાં, પાકી કેરી, કેરીનો રસ, લીલું શ્રીફળ ઇત્યાદી ફળો પણ વપરાતા નથી.

ઉપધાનને ચોકીયું અને છઠ્ઠા ઉપધાનને છકોયું બોલવ
આવે છે. તેથી છકોયું એટલે છઠું ઉપધાન સમજવું
દિવસો ૭ છે. એટલું ધ્યાનમાં રાખવું કે આ તપ મ
શક્તિવાળાની અપેક્ષાએ સમજવો.

આ પ્રમાણેનો તપવિધિ સાંપ્રતકાળે તપગચ્છની પ્ર
પ્રમાણે લખેલો છે. તે ઉત્સર્ગે સમજવો. અસમર્થને
તો સહેલા ઉપાય વડે પણ તપ પૂર્તિ કરવી. કેમકે ક્રિ
વિચિત્રપણું છે. શ્રી મહાનિશીથાદિ સૂત્રમાં કહ્યું છે કે

अह जो हविज्ज बालो, वुड्ढो वा तरुणिओवि हु असम
तो उवहाणपमाणं, पुरिज्जा निअयसत्तीए ॥ १ ॥

" જો ઉપધાન વહન કરનાર બાળક હોય. વૃદ્ધ
અથવા તરૂણ છતાં પણ અશકત હોય તો ઉપધાન ત
પ્રમાણ પોતાની શકિત અનુસારે પૂર્ણ કરવું "

આ છ ઉપધાન જે જે સૂત્રોના અભ્યાસ નિ
વહન કરવામાં આવે છે તેની ગુરૂ મહારાજ અમુક અ
તપના વિભાગે વિધિપૂર્વક વાંચના આપે છે એટલે
સૂત્રપાઠ પોતે બોલે છે અને ઉપધાનવાળા પાસે બો
છે, તેમાં છએ ઉપધાનની ૨-૨-૩-૧-૩-૨ આ પ્ર
ક્રમથી વાંચનાઓ છે. પહેલા ઉપધાનની પહેલી વાંચના
ઉપવાસ પૂરતો તપ થાય ત્યારે નવકારના પાંચ પદની
બીજી વાંચના અઢારીયું પૂરૂં થાય ત્યારે બાકીના ૪ પ
આપે છે બીજા ઉપધાનની બે વાંચના પૈકી પહેલી
ઉપવાસ પૂરતો તપ પૂર્ણ થાય ત્યારે **जे मे जीवा विराहि**
સુધીની અને બીજી અઢારીયું પૂરૂં થાય ત્યારે **ठामि काउस्स**
સુધી પૂરી આપવામાં આવે છે. ત્રીજા ઉપધાનની ૩ વાં
પૈકી પહેલી ૩ ઉપવાસે **पुरिसवरगंधहत्थीणं** સુધી બી
૮ ઉપવાસે **धम्मवरचाउरंतचक्कवट्टीणं** સુધી અને ત્રી
૮ ઉપવાસે ઉપધાનને અંતે **सव्वे तिविहेण वंदामि** સુ

પૂરી આપવામાં આવે છે, ચોથા ઉપધાનની એક વાંચના છે. તે ચોથા દિવસે अप्पाणं वोसिरामि સુધી સાદ્યંત આપવામાં આવે છે. પાંચમા ઉપધાનની ૩ વાંચના પૈકી પહેલી ૩ ઉપવાસે એક ગાથાનો, બીજી ૬ ઉપવાસે ત્રણ ગાથાની અને ત્રીજી ૬ ઉપવાસે ત્રણ ગાથાની આપવામાં આવે છે, છઠ્ઠા ઉપધાનની બે વાંચના પૈકી પહેલી ૨ ઉપવાસે પુખ્ખરવરદીની સાદ્યંત અને બીજી ઉપધાનના પ્રાંત દિવસે સિધ્ધાણં બુદ્ધાણંથી सम्मद्दिठ्ठिसमाहिगराणं પર્યંત આપવામાં આવે છે. આ વાંચનાનો અન્ય વિધિ ગુરુગમથી જાણી લેવો.

વાંચનાને દિવસે સ્ત્રી જાતિ માથામાં તેલ નાંખી શકે છે. માથું ઓળી શકાતું નથી. પુરૂષને ઉપધાન પૂર્ણ થતા સુધી ક્ષૌર કરાવી શકાતું નથી. એ પણ એક મુનિના સાદૃશ્યપણાની નિશાની છે.

હવે ઉપધાનની વિધિ સંબંધી કાંઈક દિગ્દર્શન કરાવવામાં આવે છે. ઉપધાન વહન કરાવવાનું કાર્ય અમુક ગૃહસ્થ તરફથી અથવા સંઘ સમુદાય તરફથી કરાવવામાં આવે છે. અને તેને રહેવા માટે, એકાશન કરવા માટે, સ્થંડિલાદિ માટે, રાત્રે શયન કરવા માટે, યોગ્યતાવાળી નિરવદ્ય જગ્યાની સગવડ કરવામાં આવે છે. તેમાં મુખ્ય તો જગ્યા નિર્જીવ હોવી જોઈએ અને માથે ચંદુઆદિ જોઈએ.

ઉપધાન વહન કરાવનાર તરફથી તેની શરૂઆતનું મુહૂર્ત જોવરાવવામાં આવે છે. અને ગુરૂ મહારાજાએ બતાવેલા શુભ દિવસે ઉપાશ્રયમાં અથવા યોગ્ય સ્થાનમાં નંદી મંડાવવામાં આવે છે. ઉપધાન વહન કરનાર શ્રાવક શ્રાવિકા પ્રાતઃકાળે પ્રતિક્રમણ કરી, દેવ વાંદી, પડિલેહણ કરી, જિનપૂજા કરી ગાજતે વાજતે ગુરૂ મહારાજાની સમિપે આવે અને શ્રીફળ અક્ષતવડે અંજળી ભરી નંદીની ત્રણ પ્રદક્ષિણા ચારે બાજુ એકેક નવકાર ગણીને દેય, પછી શ્રીફળ અક્ષત

પ્રભુ પાસે મુકી દઈ પૌષધના ઉપકરણો ગ્રહણ કરી ખમાસ-મણ દઈ ઇરિયાવહી પડિક્કમી પૌષધ લેવાના વિધિ પ્રમાણે પૌષધ ગ્રહણ કરે. પછી ખમાસણ દઈ; મુહપત્તિ પડિલેહ-વાનો આદેશ માગી, મુહપત્તિ પડિલેહી, ખમાસમણ દઈ, હાથ જોડીને કહે કે ઇચ્છકારી ભગવન્ તુમ્હે અમ્હ પ્રથમ ઉપધાન * પંચમંગળ મહા શ્રુતસ્કંધ ઉદ્દેસાવણી, નંદીકરાવણી, દેવવં-દાવણી વાસનિક્ષેપ કરો " ગુરૂ કહે 'કરેમિ' પછી શિષ્ય 'ઇચ્છં' કહી અવગ્રહમાં પ્રવેશ કરી ગુરૂ પાસે વાસક્ષેપ કરાવે ગુરૂ પ્રતિષ્ટિત વાસક્ષેપ કરે, પછી અવગ્રહથી બહાર નીકળી ખમાસમણ દઈ શિષ્ય કહે 'ઇચ્છકારી ભગવન્ તુમ્હે અમ્હ પ્રથમ ઉપધાન પંચ મંગળ મહાશ્રુતસ્કંધ ઉદ્દેસાવણી નંદી કરાવણી વાસનિક્ષેપ કરામણી દેવ વંદાવો.' ગુરૂ કહે 'વંદાવેમિ' પછી શિષ્ય ખમાસમણ દઈ ચૈત્ય-વંદન કરવાનો આદેશ માગે. ગુરૂ ચૈત્યવંદન કરાવી આઠ સ્તુતિપૂર્વક દેવવંદન કરાવે. તેનો વિધિ ગુરૂગમથી જાણવો અથવા ગુરૂ મહારાજ કરાવે તેમ કરવો. અહીં ગુરૂ મહારાજ નંદીને લગતી તમામ વિધિ કરાવે તે પ્રમાણે કરવો. બીજા ઉપધાનમાં પ્રવેશ વખતે પણ એજ પ્રમાણે નંદી મંડાવવી ને વિધિ કરવો. બાકીના ૪ ઉપધાનમાં પ્રવેશ કરતાં નંદી કે વિસ્તારથી દેવવંદન વિના સામાન્ય વિધિથી પ્રવેશ કરવો. **ઇતિ ઉદ્દેશવિધિ.**

દરરોજ સવારે પૌષધ લઈને ગુરૂ પાસે પવેયણું (પ્રવેદન) કરવું. તેનો (પ્રવેદનનો) વિધિ ગુરૂ મહારાજને કરાવવાનો હોવાથી તે અહીં લખ્યો નથી. જાણવાના ઇચ્છક બોધવાન્ શિષ્યે ગુરૂ પાસેથી સમજી લેવો. બનતા સુધી બોધવાન્ ઉપધાન વહેનારાએ તો દરેક વિધિ બરાબર સમજી લઈ દરેક આદેશ પોતેજ માગવા જોઇએ. વહન કરનારને બદલે

* અહીં સાથે ત્રીજા કે પાંચમા ઉપધાનવાળા હોય તો તે પોતાના ઉપધાનનું નામ બોલે અથવા ત્રણેની વતી ક્રિયા કરાવનાર મુનિ બોલે.

આદેશ માગવાના શબ્દો પણ ગુરૂ મહારાજ–ક્રિયા કરાવનાર બોલે છે તે ઉપધાન વહન કરનારનું વિધિથી અજ્ઞાતપણું સૂચવે છે.

પ્રવેદન વિધિમાં પચ્ચખ્ખાણ કરતાં જે ઉપધાનની ત્રણ વાંચના લેવાની હોય તેમાં પહેલી વાંચના લીધી ન હોય ત્યાં સુધી 'પૂર્વચરણ પદ પયસરાવણી' બીજી વાંચના લીધી ન હોય ત્યાં સુધી 'ક્રમાગત ચરણ પદ પયસરાવણી' અને ત્રીજી વાંચના લીધી ન હોય ત્યાં સુધી 'ઉત્તર ચરણ પદ પયસરાવણી' એટલું કહીને જો ઉપવાસ કે આંબિલ કરવાનું હોય તો 'પાલી તપ કરશું' એમ કહે અને જો એકાસણું કે નીવી કરવાની હોય તો 'પાલી પારણું કરશુ'' એમ કહે, ગુરૂ 'કરેહ' એમ કહે, પછી શિષ્ય કહે કે 'ઇચ્છકારી ભગવન્ પસાય કરી પચ્ચખ્ખાણ કરાવો.' ગુરૂ પચ્ચખ્ખાણ કરાવે. જેમાં બે વાંચના હોય તેમાં પૂર્વ ચરણપદ પયસરાવણી અને ઉત્તર ચરણપદ પયસરાવણી એમ જુદે જુદે વખતે કહે અને જેમાં એકજ વાંચના હોય તેમાં પૂર્વ ચરણ, ક્રમાગત ચરણ અને ઉત્તર ચરણ પદ પયસરાવણી એમ ભેળો પાઠ બોલે.

ઉપર જણાવેલો સર્વ વિધિ પ્રભાતે કરવાનો છે. ત્યાર પછી ઉપધાનવાહકે દિવસના બાકીના ભાગમાં દેવવંદન, પચ્ચખ્ખાણ પારવું, ખમાસમણ દેવા, કાઉસગ્ગ કરવો, નવકારવાળી ગણવી ઇત્યાદિ વિધિ કરવાનો છે. તે હવે પછી બતાવવામાં આવશે. સાંજે ગુરૂમહારાજની સમિપે અથવા સ્થાપનાચાર્ય પાસે પડિલેહણ કરવી તેમાં સઝાય સ્ત્રીવર્ગે ઉભા ઉભા કરવો. પુરૂષો ઉભડક બેસીને 'મન્નહ જીણાણું આણું' એ પાંચ ગાથાની કરે. * પછી ગુરૂમહારાજ સમિપે ઇરિયાવહી પડિકકમી ઇચ્છા૦ ખમા૦ વસ્તી પવેવું ? ખમા૦ ઇચ્છકારી ભગવન્ 'સુદ્ધા વસહી' એમ કહે પછી પચ્ચખ્ખાણ કરે. તેમાં એકાશન કે આંબિલને દિવસે મુહપત્તિ પડિલેહી બે વાંદણા દઇને પાણહારનું પચ્ચખ્ખાણ કરવું,

* પ્રત્યંતરે સઝાયને ઠેકાણે આ વર્ગે પાચ નવકાર ગણવા.

તિવિહાર ઉપવાસવાળાએ મુહપત્તિ પડિલેહીને ખમાસમણ દઈને પાણહારનું પચ્ચખ્ખાણ કરવું અને ચૌવિહાર ઉપવાસવાળાએ * મુહપત્તિ પડિલેહી ખમાસમણ દઈને પચ્ચખ્ખાણ લેવું. પછી બે વાંદણા દઈ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ બેસણે સંદિસાવું?' ગુરૂ કહે 'સંદિસાવહ' શિષ્ય કહે 'ઇચ્છા૦ બેસણે ઠાઉં ? ગુરૂ કહે 'ઠાએહ' શિષ્ય કહે 'ઇચ્છા૦ સ્થંડિલ પડિલેહું ?' ગુરૂ કહે 'પડિલેહેહ' શિષ્ય કહે 'ઇચ્છા૦ સ્થંડિલ શુધ્ધિ કરૂં ?' ગુરૂ કહે 'કરેહ' શિષ્ય કહે 'ઇચ્છા૦ દિશિ પ્રમાર્જું ?' ગુરુ કહે 'પ્રમાર્જહ' શિષ્ય અવિધિ આશાતનાનો મિચ્છામિ દુક્કડ આપે. આ બધા આદેશ ખમાસમણ દેવાપૂર્વક માગવા અને ગુરૂના વચન પછી શિષ્યે દરેક વખત 'ઇચ્છં' કહેવુ. ઇતિ સંધ્યા અનુષ્ઠાન વિધિ.

દરરોજ કરવાની ક્રિયા.

૧ બંને ટંક પ્રતિક્રમણ કરવું તેમાં સવારે પ્રતિક્રમણની પ્રાંતે અહોરાત્રિનો પોસહ લેવો.

૨ બે ટંક પડિલેહણ કરવી.

૩ ત્રણ ટંક દેવ વાંદવા.

૪ દેરાસરે દર્શન કરી ત્યાં આઠ સ્તુતિપૂર્વક દેવ વાંદવા.

૫ સો લોગસ્સનો એક સાથે કાઉસગ્ગ કરવો.

૬ પહેલા, બીજા, ચોથા ને છઠ્ઠા ઉપધાનવાળાએ ૨૦ વીશ નવકારવાળી બાંધા પારાની ગણવી. એકંદર દરરોજ ૨૦૦૦ નવકારનો જાપ કરવો. ત્રીજાને પાંચમા ઉપધાન વાળાએ ત્રણ ત્રણ નવકારવાળી લોગસ્સની ગણવી.

૭ દરરોજ સો ખમાસમણ દેવાં.

---

* ઉપધાન પોસહ સિવાય સવારે ચૌવિહાર ઉપવાસનું પચ્ચખ્ખાણ કર્યું હોય તો તેને સાંજે પચ્ચખ્ખાણ લેવાની જરૂર નથી.

૮ એકાશન કે આંબીલ કરવું હોય કે ઉપવાસમાં પાણી પીવું હોય ત્યારે પચ્ચખ્ખાણ વિધિપૂર્વક પારવું.

૯ એકાશન કે આંબીલમાં આહાર કરીને ઉઠ્યા પછી ઈરિયાવહી પડિક્કમી ચૈત્યવંદન કરવું અને દિવસચરિમ તિવિહારનું પચ્ચખ્ખાણ કરવું.

૧૦ સવારે ફરીને ગુરૂમહારાજ પાસે પોસહ લેવો, પ્રવેદન કરવું અને રાઈમુહપત્તિ પડિલેહવી * સાંજે ગુરૂમહારાજ પાસે પડિલેહણના આદેશ માગવા, દિવસ પ્રતિક્રમણ સંબંધી રાઈમુહપત્તિ પ્રમાણે દેવસી મુહપત્તિની વિધિ કરવી ને સંધ્યા અનુષ્ઠાન વિધિ કરવી.

૧૧ રાત્રે સંથારા પોરિસી ભણાવવી.

૧૨ સવારે છ ઘડી દિવસ ચડે ત્યારે પોરસી ભણાવવી.

ઉપર જણાવેલી ક્રિયાઓ પૈકી પ્રતિક્રમણની વિધિ તો સર્વના જાણવામાંજ હોય તેથી લખવાની જરૂર નથી. પોસહ લેવાનો વિધિ, પડિલેહણનો વિધિ, દેવ વંદનનો વિધિ પચ્ચખ્ખાણ પારવાનો વિધિ, પોરિસીનો વિધિ, રાઈ મુહપત્તિનો વિધિ સંથારા પોરિસીનો વિધિ, માંડલા કરવાનો વિધિ ઇત્યાદિ સર્વ અગાડી લખેલ છે ત્યાંથી જોઇ લેવો.

સો લોગસ્સનો કાઉસગ્ગ કરતાં પ્રથમ ઈરિયાવહી પડિક્કમી ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ પ્રથમ ઉપધાન પંચમંગલ મહાશ્રુતસ્કંધ આરાધનાર્થં × કાઉસ્સગ્ગ કરૂં ? ઈચ્છં કરેમિ કાઉસ્સગ્ગ. વંદણવત્તીયાએ૦ કહી

---

* સાધુની સાથે બેસી પ્રતિક્રમણ કરનાર, શ્રાવકને દિવસ મુહપત્તિની વિધિ કરવાની નથી. શ્રાવિકાને રાઈમુહપત્તિ તથા દિવસ મુહપત્તિ અવશ્ય કરવાની છે.

× ઉપધાન બદલાય ત્યારે નામ બદલવું. પાંત્રીસ આગાળીના-આલાપકો ઉપર લખી ગયા છીએ, તે પ્રમાણે પોતાના ઉપધાનનું નામ લેવું.

ચંદેસુ નિમ્મલયરા સુધી ૧૦૦ લોગસ્સનો કાઉસગ્ગ એકાગ્ર ચિત્તે સ્થિરપણે અને મૌનપણે કરવો. કાઉસગ્ગના દોષ ટાળવા કાઉસગ્ગ પૂર્ણ થયે નમો અરહિંતાણું કહી પારીને પ્રગટ લોગસ્સ કહેવો. ઇતિ કાઉસગ્ગ કરણ વિધિ.

ખમાસમણ સો દેવાં. તેના પ્રારંભમાં પ્રથમ ઉપધાન શ્રી પંચ મંગલ મહાશ્રુતસ્કંધાય નમોનમઃ×કહી ખમાસમણનો પાઠ આખો શુધ્ધ ઉચ્ચાર કરી સંડાસા બરાબર પડિલેહી ખમાસમણ દેવું, તેમાં પાંચે અંગ–બે હાથ, બે ઢીંચણ ને મસ્તક ભૂમિને લગાડવા. અધર રહીને ખમાસમણ ન દેવાં, બેઠા બેઠા પણ ખમાસમણ ન દેવાં, પોતાની છતી શક્તિ ન ગોપવવી. શક્તિ ન હોય તો ગુરૂ મહારાજ પાસેથી છુટ માગી લઇને બેઠાં બેઠાં દેવાં અથવા જેટલાં બની શકે તેટલાં ઉભા થઇને દેવાં. ઇતિ ખમાસમણ વિધિ.

૨૦ નવકારવાળીને બદલે અથવા તેમાંથી જેટલો બને તેટલો જીવવિચાર, નવતત્ત્વાદિ પ્રકરણોનો પાઠ કરવો, તેની ગાથા ૨૦૦૦ પ્રમાણ સઝાય ધ્યાન કરવું. ઓછું થાય તો બાકી રહે તેટલું નવકારવાળીથી પૂરૂં કરવું. (એક ગાથાનું પ્રમાણ એકનવકાર પૂરતું સમજવું.) નવકારવાળી પણ બનતાં સુધી પાંચ પાંચ ભેળી ગણવી, કદી પાંચ ભેળી ન ગણાય તો પણ જે ગણાય તે અધુરી તો નજ મુકવી. અધુરી મુકાય તો લેખામાં આવે નહીં. લોગસ્સની નવકારવાળી પણ અધુરી તો નજ મુકવી. બની શકે તેટલો પૂર્વે કરેલો અભ્યાસ સંભારવાનો અને નવો અભ્યાસ કરવાનો લાભ લેવો. વારંવાર આવી નિવૃત્તિ–આવો અવકાશ મળવો દુર્લભ સમજવો.

ઇતિ સઝાય ધ્યાન વિધિ.

પડિલેહણમાં મુહપત્તિ ચરવળો, કટાસણું અને પછી વસ્ત્રો પડિલેહવાં, તેનો અનુક્રમ અનુભવીથી જાણી લેવો.

× ઉપધાન બદલાયે નામ બદલવું.

પડિલેહણ કરતાં બોલવું નહીં અને તેના બોલ દરેક ઉપકરણના જેટલા જેટલા છે તેટલા તેટલા મનમાં બોલતા જવા તેનો અર્થ વિચારવો અને વસ્ત્રાદિકમાં જીવજંતુ હોય તો તેની બરાબર સંભાળ રાખી પડિલેહણ કરવી, વેઠ જાણીને કોઇપણ ક્રિયા ઉતાવળથી કરવી નહીં

ઉપધાનમાં પેઠા પછી પ્રથમના ત્રણ દિવસ સુધીમાં નવું વસ્ત્ર કે ઉપકરણ ઘરેથી લાવવું હોય તો લાવી શકાય —લઇ શકાય. ત્યારપછી લઈ ન શકાય.

પુરૂષે નીચે પ્રમાણે ઉપકરણો રાખવાં.

૧ કટાસણું. ૧ મુહપત્તિ, ૧ ચરવળો. ૨ ધોતીઆં.
૨ ઉત્તરાસણ. ૧ માતરીયું (પંચીયું) ઠલ્લે માત્રે જતાં પહેરવા સારૂં.
૧ ઉત્તરપટો, ૧ સંથારીયું. ૧ ઓઢવાની ધાબળી.
૧ ખેળીયું (લુગડાનો કકડો) ૧ ડંડાસણ× (રાત્રે ભુમિ પ્રમાર્જવા.)

પુરૂષોએ સકારણ કટાસણું, મુહપત્તિ ને ચરવલા બે બે રાખવાની પણ પ્રવૃત્તિ છે.

સ્ત્રી વર્ગે રાખવાના ઉપકરણો.

૨ કટાસણા. ૨ મુહપત્તિ. ૨ ચરવળા. ચોરસ ડાંડીના.
૨ સાડલા. ૨ ઘાઘરા ૨ કંચુવા. ૩ ઠલ્લે માત્રે જવાનાં વસ્ત્ર.
૧ ઉત્તરપટો ૧ સંથારીયુ ૧ ઓઢવાની ધાબળી.
૧ ડંડાસણ (રાત્રે ભુમિ પ્રમાર્જવા) ૧ ખેળીયું લુગડાનો કકડો)

વધારે વસ્ત્રો રાખવા તે ઉપધિ મટીને ઉપાધિરૂપ થાય છે કિંમતી વસ્ત્રો પણ ન રાખવાં સાધારણ રાખવાં. આભૂષણ નિરંતર પહેરવામાં આવતા હોય તેજ રાખવાં,

× ઘણા જણ વચ્ચે એક હોય તો પણ ચાલે.

કંઇ પણ આ નિમિત્તે વધારે ન પહેરવું, બની શકે તો બીલકુલ ન રાખવા. સૌભાગ્યવતી સ્રીએ સૌભાગ્યના ચિન્હ તરીકેનાં આભૂષણો રાખવાં.

વાંચના લેવાનો વિધિ.

ઉપર બતાવી ગયા છીએ તે પ્રમાણે દરેક વાંચનાનો તપ પૂરો થાય ત્યારે પ્રાયે તપને દિવસે પ્રવેદન કર્યા પછી ખમાસમણ દઈને ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ વાયણા મુહપત્તિ પડિલેહું ? ગુરૂ કહે પડિલેહેહ. શિષ્ય ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહે. પછી બે વાંદણા દઈ ખમા૦ ઇચ્છા૦ વાયણા સંદિસાવું ? ગુરૂ કહે 'સંદિસાવહ'. શિષ્ય ઇચ્છં કહી ખમા૦ ઈચ્છા૦ 'વાયણા લેશું'. ગુરૂ કહે 'લેજો. શિષ્ય ઈચ્છં કહી ખમા૦ ઈચ્છાકારી ભગવન્ પસાય કરી વાયણા પ્રસાદ કરો. પછી ગુરૂ જે વાંચના આપવાની હોય તેનું એકેક પદ કહે શિષ્ય તે પ્રમાણે ઉચ્ચાર કરે. પછી ગુરૂ મહારાજ તેનો અર્થ સમજાવે. શિષ્યે જેટલી વાંચના લીધી હોય તેટલી તે દિવસે બરાબર શુદ્ધ કંઠે કરવી અને તેનો અર્થ ધારી લેવો. પ્રાંતે ગુરૂ મહારાજ नित्थारगपारगा होह गुरुगुणेहिं वड्ढिजाहि આ પ્રમાણે આશીર્વાદ આપે. શિષ્ય પ્રાંતે તહત્તિ કહી ખમાસમણ દઇ અવિધિ આશાતનાનો મિચ્છાદુક્કડં આપે.

વાંચનાને દિવસે ઉપર કહી ગયા પ્રમાણે વિધિથી (૨૫) ખમાસમણ વાયણા સંબંધી વધારે દેવા. વાંચના શ્રાવિકા ઉભી રહીને લેવે, શ્રાવક ચૈત્યવંદન મુદ્રાએ લેવે ઈતિ વાયણા વિધિ.

આ ઉપધાન જે જે સુત્રોનાં વહેવામાં આવે છે તેના ઉદ્દેશની વિધિ પૂર્વે લખેલી છે. તેના સમુદ્દેશ ને અનુજ્ઞા જ્યારે માળા પહેરવામાં આવે છે ત્યારે એક સાથે છએ ઉપધાન સંબંધી કરવામાં આવે છે. ત્રીજું અને પાંચમું

ઉપધાન કાળાંતરે વહેવામાં આવે ત્યારે તેનો ઉદ્દેશજ પ્રવર્ત્તે છે, તેના પણ સમુદ્દેશ ને અનુજ્ઞા તે માળા વખતેજ કરવામાં આવે છે.

આલોયણામાં દિવસ શા કારણે પડે છે ?

૧ નીવી કે આંબિલ કરીને ઉઠ્યા પછી વમન (ઉલટી) થાય તો.

૨ અન્ન એઠું મૂકવામાં આવે તો.

૩ નિષિધ્ધ આહાર (સચિત્ત;કાચી વિગય, લીલોતરી વિગેરે) ભક્ષણ થાય તો.

૪ પચ્ચખ્ખાણ પારવું ભૂલી જવાય તો.

૫ ભોજન કર્યા પછી ચૈત્યવંદન કરવું રહી જાય તો.

૬ દેરાસર જવું ભૂલી જવાય તો.

૭ દેવ વાંદવા ભૂલી જાય તો.

૮ રાત્રે (સાંજની વિધિ કર્યા પછી ને સવારની વિધિ કર્યા અગાઉ) વડીનીતી કરવા જવું પડે તો.

૯ પોરિસી ભણાવ્યા સિવાય સુઈ જાય,ઉંઘી જાય ને પોરિસી ભણાવેજ નહીં તો.

૧૦ મુહપત્તિ ભૂલી જાય ને ૧૦૦ ડગલાં ચાલે તો.(સેનપ્રશ્ન)

૧૧ મુહપત્તિ ખોઇ નાખે તો (ઉપલક્ષણથી બીજા ઉપકરણ માટે પણ સમજવું.)

૧૨ શ્રાવિકાને ૠતુ સમયે ૨૪ પ્રહર (ત્રણ દિવસ)

૧૩ માંખી, માંકડ, જુ વિગેરે ત્રસ જીવનો પોતાને હાથે ઘાત થઈ જાય તો.

દિવસ પડે એટલે તપ લેખે લાગે પણ પૌષધ જાય એટલે તેટલા પૌષધ પાછળથી કરવા પડે. તે પૌષધ જો ઉપધાનની સાથે સાથે ભેળા જ થાય તો આયંબિલાદિ તપ કરી શકાય પણ ઉપધાનમાંથી નીકળ્યા પછી કરવામાં

આવે તો ઉપવાસના તપપૂર્વક જ આઠ પહોરના પૌષધ કરવા પડે.

બીજા શા શા કારણોથી સામાન્ય આલોયણ આવે છે તે આ નીચે બતાવેલ છે.

પડિલેહ્યા વિનાનું વસ્ત્ર કે પાત્ર વાપરે તો.
મુહપત્તિને ચરવળાની આડ પડે તો.
મોઢામાંથી એઠું નીકળે તો.
લુગડામાંથી કે શરીર ઉપરથી જુ નીકળે તો.
નવકારવાળી ગણતાં પડી જાય તો.
રૂના પુંખડાં કાનમાં રાત્રે ન નાખે તો.
અથવા રૂના પુંખડાં ખોઈ નાખે તો.
સ્થાપનાજી પડી જાય તો.
પુરૂષનો સ્ત્રીને, સ્ત્રીનો પુરૂષને સંઘટ્ટ થાય તો.
કાજામાંથી જીવનું કલેવર નીકળે તો.
પડિલેહણ કરતાં બોલે તો.
નવકારવાળી ગણતાં બોલે તો.
એઠે મોઢે બોલે તો.
તિર્યંચનો સંઘટ્ટ થાય તો.
એકેંદ્રિય (સચિત્ત) નો સંઘટ્ટ થાય તો.
દિવસે નિદ્રા લેવે તો.
રાત્રે સંથારા પોરિસી ભણાવ્યા પહેલાં નિદ્રા લેવે તો.
દીવાની કે વીજળી આદિકની ઉજેહી લાગે તો.
માથે કામળી નાખવાના કાળમાં કામળી નાખ્યા સીવાય અગાસી જગ્યામાં જાય તો.
વર્ષાદિકના છાટાં લાગે તો,
વાડામાં સ્થંડિલ જાય તો.
બેઠાં પડિકમણું કરે તો, બેઠાં ખમાસમણા દેવે તો.
ઉઘાડે મુખે બોલે તો.

આ સિવાય બીજા પણ અનેક કારણો આલોયણ આવે તેવાં છે ને પ્રસંગોપાત જાણી લેવાં, આની આલોયણ શી આપવી તે ગુરૂગમ્ય હકીકત છે, જો કાંઈ પણ વિરાધના ન થઈ હોય તો પણ દરેક ઉપાધનના ચોથા ભાગનો તપ આપવામાં આવે છે અને તે ઉપધાનમાંથી નીકળ્યા પછી પોસહ સંયુક્ત કરવાનો છે, સઝાય ધ્યાન પણ સાથે કરવાનું છે, દૃષ્ટાંત તરીકે પહેલા ઉપધાન સંબંધી કાંઈ પણ વિરાધના ન થઈ હોય તો પણ ત્રણ અહોરાત્રિના પોસહ ઉપવાસથી કરવા અને ૬૦૦૦ સ્વાધ્યાય કરવી, અર્થાત્ ૬૦ નવકારવાળી બાધાપારાની ગણવી, એટલી આલોયણ તો અવશ્ય આપવામાં આવે છે. આ પ્રમાણે દરેક ઉપાધાન માટે સમજવું. તે શિવાય બીજી બાબતની આલોયણ તો આલોયણ લેનાર શ્રાવક શ્રાવિકાની શરીરસ્થિતિ વિગેરે જોઈને આપવામાં આવે છે, તે હકીકત ગુરૂમહારાજને આધીન હોવાથી અહીં તે સંબંધી ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

ઉપર પ્રમાણે ઉપધાન વહન કરવાને પ્રાંતે પહેલું, બીજું ચોથું, ને છઠ્ઠું ઉપધાન વહન કરનારને વહેલામાં વહેલું છઠ્ઠા ઉપધાનમાં પ્રવેશ કરે તે દિવસે અને મોડામાં મોડું છ માસની અંદર માળારોપણ કરવામાં આવે છે, અર્થાત્ માળા પહેરવામાં આવે છે. માળા પહેરવાથી ઉપધાન કાર્યની સમાપ્તિ મંદિરના શિખર ઉપર કળશ ચઢાવવાની જેમ થાય છે, તે અવશ્ય કરવા યોગ્ય ક્રિયા છે. માળા પહેરવાને આગલા દિવસે ઉત્તમ રેશમ વિગેરેની કરાવેલી માળા મહોત્સવપૂર્વક વરઘોડો ચઢાવી ગુરૂ પાસે લઈ જઈ ત્યાં તેની પ્રતિષ્ઠા કરાવીને પછી પોતાને ઘરે અથવા શ્રી સંઘે ઠરાવેલા—આપેલા ગૃહસ્થને ઘરે લઈ જઈ બાજોઠ ઉપર પધરાવવી અને ત્યાં માળા પહેરનારે રાત્રિ જાગરણ કરવું, પરમાત્માની સ્તુતિ સ્તવનાદિવડે રાત્રિ વ્યતીત કરવી, પછી

પ્રભાતે તે માળા લઈને ગુરૂમહારાજ પાસે માળા પહેરવા જવું.

માળા પરિધાપન વિધિ.

ઉપધાન વિધિ વિગેરેમાં બતાવેલા શુભ મુહૂર્તે ઉપધાન વહન કરેલા શ્રાવક શ્રાવિકાઓ ઉત્તમ વસ્ત્રાલંકાર ધારણ કરી ગુરૂમહારાજ પાસે આવે. ત્યાં નંદી મંડાવવામાં આવે, ઉપધાનવાહક પોસહમાં ન હોય તો શ્રીફળ લઇ નંદીને ત્રણ પ્રદક્ષિણા આપે, પછી મુહપત્તિ, ચરવળો ગ્રહણ કરી ખમાસમણ દઈ ઇરિયાવહી પડિક્કમી, મુહપત્તિ, પડિલેહી, નંદીની ક્રિયા કરી સમુદ્દેશને લગતી ક્રિયા કરે, ત્યાર પછી અનુજ્ઞાને લગતી ક્રિયા કરે. તે ક્રિયા ગુરૂ મહારાજને કરાવવાની હોવાથી અહીં લખી નથી. આ ક્રિયા છ ઉપધાન માટે ભેળી થાય છે,પછી ગુરૂ મહારાજ માળાની અભિમંત્રિત વાસવડે પ્રતિષ્ઠા* કરે. અને ત્યાર પછી ગુરૂ મહારાજ માળ પહેરાવનાર વૃધ્ધ બંધુ પુત્રાદિક જે હોય તેને બ્રહ્મચર્યાદિકનો યથાશકિત નિયમ કરાવી માળા તેના હાથમાં આપે એટલે તેઓ માળાને વંદન કરી પોતાના ને માળ પહેરનારના કપાળમાં તિલક કરી ત્રણ અથવા સાત નવકાર ગણીને માળા પહેરાવે, ત્યારપછી માળા સહિત નંદીને ત્રણ પ્રદક્ષિણા ચારે બાજુ નવકાર ગણતા ને ખમાસણ દેતા આપે. ગુરૂ મહારાજ વાસક્ષેપ કરે. પ્રાંતે અવિધિ આશાતનાનો મિચ્છામિ દુક્કડ દેવે.

ઇતિ માળારોપણ વિધિ.

માળારોપણનું કાર્ય થઈ રહ્યા પછી શિષ્ય ગુરૂ મહારાજને ખમાસમણ દઇ હિતશિક્ષા દેવાની માગણી-પ્રાર્થના કરે એટલે ગુરૂ મહારાજ દેશના આપે તે આ પ્રમાણે—

* પ્રથમ દિવસે સંધ્યાકાળે પણ પ્રતિષ્ઠા કરવામાં આવે છે.

नाणं पयासगं सोहओ तवो संजमो अ गुत्तिधरो ।
तिण्हंपि समाओगे मुक्खो जिणसासणे भणिओ ॥१॥
मुक्तिकनीवरमाला, सुकृतजलाकर्षणे घटीमाला ।
साक्षादिव गुणमाला, माला परिधीयते धन्यैः ॥२॥

'પ્રકાશક એવું જ્ઞાન, આત્માને શુદ્ધ કરનાર તપ અને ગુપ્તિધારક સંયમ એ ત્રણનો સંયોગ થવો તેને જિન શાસનને વિષે મોક્ષ કહ્યો છે.'

" મુક્તિરૂપી કન્યાની વરમાળા જેવી, સુકૃત જે પુણ્ય તે રૂપ જળનું આકર્ષણ કરવામાં ઘટિમાળ-રેંટ જેવી અને સાક્ષાત્ ગુણોની માળા હોય તેવી આ માળા ધન્ય મનુષ્યો જ ધારણ કરે છે. "

ગુરૂ મહારાજ આ પ્રમાણે ઉપદેશ આપે છે, ત્યારબાદ માળારોપણકાર્યની સમાપ્તિ થાય છે. માળા પહેરનાર ઉપધાનવાહકોએ તે દિવસે ઉપવાસ અથવા આંબીલ કરવું, અને રાત્રિએ પોસહ લેવો. માળા પહેરે તે વખતે વાજીંત્રો વગડાવવા, ગીત ગવરાવવા, સ્વજન વર્ગે પહેરામણી માળ પહેરનારને કરવી, પ્રભાવના કરવી, યથાશક્તિસ્વામીવચ્છલ કરવું.

ઇતિ માળા પરિધાપન વિધિ.

માળા પહેર્યા પછી બીજે દિવસે એકાશન કરવું. માળા પહેર્યા પછી ઓછામાં ઓછા દશ દિવસ અને વધારેમાં વધારે છમાસ પર્યંત માળા પહેરનારે બ્રહ્મચર્ય પાળવું, ભૂમિ શયન કરવું, સચિત્તનો ત્યાગ કરવો* સાવધ આરંભ તજવો, ઉપવાસ આંબીલાદિ તપ કરવો અને દશ દિવસ સુધી હરરોજ ૧૦૦ લોગસ્સનો કાઉસગ્ગ કરવો ને ૨૦ નવકારવાળી ગણવી.

---

* બીજો તપ ૭ માસ સુધી ન થઇ શકે તો સચિત્તનો ત્યાગ તો બનતા સુધી છ માસ સુધી જરૂર કરવો, ઉનું પાણી પીવું.

માળા પહેર્યા પછી ઉપધાનના દિવસોમાં લાગેલા દોષોની નોંધ કરી-કરાવી રાખી હોય તે ઉપધાન વહન કરાવનાર ગુરૂ મહારાજ પાસે લઈ જઇ તેઓ સાહેબ જે આલોયણ આપે તે ગ્રહણ કરવી અને તે મુદતની અંદર પૂર્ણ કરી આપવી.

પોતપોતાના ઉપધાનની સમાપ્તિમાં તપને દિવસે સંધ્યા પ્રવેદન પછી મુહપત્તિ પડિલેહી બે વાંદણા દઈ ખમાસમણ પૂર્વક ઇચ્છા૦ સોધી સંદિસાવું ? ગુરૂ કહે સંદિસાવહ, શિષ્ય ખમા૦ ઇચ્છા સોધી કરશું ગુરૂ કહે. કરજો. શિષ્ય તહત્તિ કહે. પછી એક નવકાર ગણી ઇચ્છકારી ભગવન્ પસાય કરી શુધ્ધિ અતિચાર આળોવાવો. પછી અવગ્રહમાં પેસી દુષ્કૃત્ય આળોવે, મિચ્છાદુક્કડ આપે. લાગેલા દોષ ગુરૂ પાસે પ્રગટ કરે અને ગુરૂ મહારાજ આપે તેટલી આલોયણ કરવાનું કબુલ કરે. ઇતિ આલોચના વિધિ.

આ વિધિ દરેક ઉપધાનને અંતે ન કરવામાં આવે તો ઉપધાન પૂર્ણ થયા પછી ને માળા પહેર્યા પછી ગુરૂ પાસે જ્યારે આલોયણ લેવા જાય ત્યારે ઇરિયાવહી પડિક્કમીને કરવા યોગ્ય છે.

ઉપધાન વહન કરનાર શ્રાવક શ્રાવિકાએ પોતાની જીંદગીના પાછલા ભાગમાં પણ ઉપધાન વહન કર્યાની યાદગિરી માટે સચિત્તાદિકનો કાયમને માટે ત્યાગ કરવો. બ્રહ્મચર્યાદિકનો યથાશક્તિ નિયમ કરવો, પર્વ તિથિએ પૌષધ તપસ્યાદિ કરવાનું લક્ષ રાખવું. કલેસ કંકાસ, નિંદા વિકથા, મહાઆરંભ પરિગ્રહાદિક કાર્યમાં પ્રવૃત્તિ ન કરવી. ચૌદ નિયમ ધારવાની અને સવાર સાંજ પ્રતિક્રમણાદિક કરવાની પ્રવૃત્તિ રાખવી. સામાયિક, દેવપૂજા, ગુરૂવંદનાદિ

દરરોજ અવશ્ય કરવું. દર વર્ષે તીર્થયાત્રા કરવી, યથાશક્તિ સ્વામીવચ્છલાદિ કરવું, ટુંકામાં ઉપધાન વહન કર્યાની યાદદાસ્ત તાજી રહે અને તે મહાન ક્રિયા ઉજ્વળ રહ્યા કરે તેવી પ્રવૃત્તિ કરવી. પાપકાર્યથી નિરંતર પાછા હઠવું. સમકિતમાં તો પ્રાણાંતે પણ દૂષણ ન લગાડવું. શુદ્ધ દેવ ગુરૂ ધર્મની દૃઢ શ્રધ્ધા રાખવી.

ઉપધાન સંબંધી વિશેષ હકીકત.

આ હકીકત ઉપધાન વાહકે ખાસ ધ્યાનમાં રાખવા લાયક હોવાથી જુદી જુદી વિધિઓની પ્રતોમાંથી તેમજ સેનપ્રશ્નાદિકમાંથી ગ્રહણ કરીને લખવામાં આવી છે.

૧ જે જે સૂત્રોને માટે ઉપધાન વહન કરવામાં આવે છે તેનો ઉદ્દેશ ઉપધાન વહેતાં કરવામાં આવે છે ને સમુદ્દેશ તથા અનુજ્ઞા બધા સૂત્રોની માળા પરિધાપન વખતે કરવામાં આવે છે. તેમાં ઉદ્દેશ તે સૂત્રાર્થ ગ્રહણ કરવાની યોગ્યતા, સમુદ્દેશ તેનુંજ વિશેષપણું અને અનુજ્ઞા તે તે સુત્રોની પઠનપાઠન કરવાની આજ્ઞા એમ સમજવું.

૨ દેવવંદનના સૂત્રો કે જેના ઉપધાન વહન કરવામાં આવે છે, તે સિવાયના બીજા સામાયિકાદિ આવશ્યકના સૂત્રો માટે ઉપધાન વહન કરવાનું ફરમાન નથી. તદુપરાંત ચઉસરણાદિ ચાર પયન્ના અને દશવૈકાલિક સૂત્રના ૪ અધ્યયન ભણવાની શ્રાવકને છુટ છે. તેને માટે ત્રણ ત્રણ આયંબિલ કરીને વાંચના લેવાનો વિધિ છે. તે ગુરૂગમથી જાણી લેવો.

૩ ઉપધાન વહન કર્યા અગાઉ નવકારાદિ ભણવા ભણવવામાં આવે છે તે જીત વ્યવહાર તથા સંપ્રદાયથી થાય છે. પરંતુ તે ભણ્યા પછી પણ મહેલી જોગવાઈએ ઉપધાન વહન કરવાની જરૂર છે.

૪ ઉપધાનમાં કે અન્ય દિવસે પોસહ પ્રથમ પહોરમાંજ

લઈ શકાય છે. પ્રથમ પ્રહર વ્યતીત થયા પછી લઈ શકાતો નથી.

૫ સામાન્ય પૌષધના એકાસનમાં પણ લીલોતરીનું શાક, પાકાં ફળ, તેનો રસ વિગેરે વર્જ્ય છે.

૬ ઉપધાન સંબંધી એકાશનમાં મુખ્ય વૃત્તિએ તો સરસ આહારનો નિષેધ છે, પરંતુ તપસ્યા વિશેષ હોવાથી શરીરશક્તિ નભાવવાને માટે તેવા પદાર્થો લેવામાં આવે છે, તોપણ તેમાં બને તેટલી ઓછાશ રાખવી ને આસક્તિ તજવી.

૭ ઉપધાન સંબંધી કે અન્ય પૌષધમાં ધાબળી માથે નાંખવાના કાળ વખતે અગાસે જવું પડે તો કામળી ઓઢીને જવું. માથે કટાસણું નાંખીને જવું નહીં અને ઓઢેલી કામળી ખીંતીએ મુકી રાખવી, બે ઘડી સુધી તેને પાથરવી નહીં કે ઉપયોગમાં લેવી નહીં.

૮ ક્રિયા કરવા માટે વસ્તિ શુદ્ધ હોવાની પ્રથમ આવશ્યકતા છે, તેથીજ ગુરૂ મહારાજ ક્રિયા કરાવે છે ત્યારે પ્રારંભમાં 'સુદ્ધા વસહી' એટલે 'વસ્તિ શુદ્ધ છે' એમ કહેવામાં આવે છે. તેવી રીતે કહ્યા અગાઉ સુજ્ઞ શ્રાવક શ્રાવિકાએ ક્રિયા કરવાના સ્થાનની ચોતરફ ૧૦૦ સો હાથ વસ્તિ જોઈ લેવી, તેમાં મનુષ્ય કે તિર્યંચનું શબ કે તેના શરીરનો હાડ રૂધિરાદિ ભાગ પડયો હોય તો તે ત્યાંથી દૂર કરાવવો, ત્યારપછી ત્યાં ક્રિયા થઈ શકે. તિર્યંચનું શબ કે તેનો વિભાગ ૬૦ હાથની અંદર રહેવો ન જોઇએ. મનુષ્યનો ૧૦૦ હાથની અંદર રહેવો ન જોઇએ.

૯ ઉપધાનની અંદર તૈલાભ્યંગ—તેલ ચોળાવવું અને ઔષધ લેવું તેનો નિષેધ છે. પરંતુ ખાસ કારણે ગુરૂની આજ્ઞાથી લેવું.

૧૦ અંધને ઉપધાન વહનનો નિષેધ નથી, પરંતુ તેને બીજા સચક્ષુ મનુષ્યની સહાયની અપેક્ષા છે.

૧૧ ક્રિયા કરતાં સ્થાપનાચાર્ય ને ક્રિયાકારકની વચ્ચે મનુષ્યતિર્યંચાદિની આડ પડવી ન જોઇએ.

૧૨ સમુદાયે પડિલેહણ કરીને કાજો ઉધર્યો હોય ત્યાર પછી કોઈ એકાકી પડિલેહણ કરે તો તેણે પણ કાજો ઉદ્ધરવો જોઈએ. અને ન ઉદ્ધરે તો દિવસ પડે.

૧૩ ઉપધાનમાંથી નીકળે તે દિવસે એકાશન કરવું જોઈએ ને રાત્રિ પોસહ લેવો જોઈએ.

૧૪ ચતુર્માસમાં ઉપધાન વહન કરનારે પાટ પાટલા વાપરવા

૧૫ માળા વહેલામાં વહેલી આસો શુદ ૧૦ મે પહેરી શકાય.

૧૬ છકીયાને પહેલે દિવસે માળા પહેરી શકાય છે, પણ તે પ્રબળ કારણ હોય તો અને તેમ કરવું પડે તો તે દિવસે પ્રવેદન કરાવી પહેલી વાંચના આપીને પછી માળ પહેરાવે.

૧૭ જે દિવસે વાંચના લેવાની હોય તે દિવસે સવારે લેવી ભૂલી જાય તો સાંજે પવેયણું કર્યા અગાઉ લેવે તે વખતે પણ ભૂલી જાય તો બીજે દિવસે સવારે પવેયણું કર્યા અગાઉ લેવે–તો તે દિવસ બીજી વાંચનામાં ગણી શકાય.

૧૮ ઉપધાનમાંથી નીકળ્યા પછી જો માળ પહેરવામાં આવે તો માળ પહેરવાના દિવસે ઉપવાસ કરવો.

૧૯ માળ પહેરાવનારે પણ તે દિવસે ઓછામાં ઓછો એકાશનનો તપ કરવો.

૨૦ સાંજ સવારની પ્રવેદનની ક્રિયામાં, સાંજની પડિલેહણમાં સ્થંડિલ માત્રુ કરવા, દેરાસર દર્શન કરવા અથવા સો કદમ ઉપરાંત કોઇ પણ કારણે જવું થાય તો ઇરિયાવહી પડિક્કમીને ગમણાગમણે આલોવવવાજ જોઇએ.

૨૧ ઉપધાનવાહક સ્ત્રીઓએ માર્ગે ચાલતાં ગીતગાન કરવુ યોગ્ય નથી એમ શ્રી હીરપ્રશ્નમાં કહ્યું છે.

૨૨ નંદી માંડવાની હકીકત શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં કહેલી છે.

૨૩ ઉપધાનમાં ઉપવાસને દિવસે કલ્યાણુક તિથિ આવે અને ઉપધાનવાહક કલ્યાણુક તપ કરતો હોય તો તે ઉપવાસથીજ સરે.

૨૪ આયણુનો તપ સ્ત્રી જાતિ ઋતુ સમયમાં કરે તો લેખે ન લાગે. એમ શ્રી હીરપ્રશ્નમાં કહેલ છે.

૨૫ આલોયણુ જે જે બાબતની ઉપર ગણુવામાં આવી છે, તે બધા કાયયોગને લગતા પ્રકારો છે, પરંતુ ઉપધાનવાહકે મનમાં પણુ આહટ્ટ દોહટ્ટ ચિંતવવા નહીં અને વચનદ્વારા કોઇને કર્કશ વચન કહેવાં નહીં, કલેશ કરવો નહીં, ભુલે ચુકે ગાળ દેવી નહીં, વિકથા કરવા નહીં, પરનિંદા કરવી નહીં, ઇત્યાદિ વચન યોગ સંબંધી ક્રિયા જો વિપરીત કરવામાં આવે તો તેની વિશેષ આલોયણુ આવે છે એમ સમજવું અને તે ગુરૂ મહારાજ પાસે પ્રકાશિત કરવું.

૨૬ ઉપધાનમાંથી નીકળા પછી માળા પહેરનારને માળા પરિધાનની વિધિમાં પવેયણું કરવાનો નિયમ નથી.

૨૭ ઉપધાન વાંચના નવકાર મંત્રના વિનાજ આપવી (શ્રી હીર પ્રશ્ન)

૨૮ શ્રાવક શ્રાવિકાઓને ઉપધાન આદિ નંદીમાં ત્રણુ નવકાર રૂપજ નંદી સૂત્ર સંભળાવવું.

૨૯ પૌષધમાં લઘુનીતિ કરીને પછી ઈરિયાવહી કરી ગમણાગમણે અવશ્ય આલોવવા (પ્રાચીન સમાચારી)

૩૦ પંચમી તપ ઉચ્ચરેલ હોય તેને છક્કીયા ઉપધાનમાં જો છઠ્ઠે દિવસે પંચમી આવે તો પંચમીનો ઉપવાસ તથા સાતમે દિવસે અવશ્ય ઉપવાસ કરવાનો હોવાથી છઠ્ઠ કરવો પડે માટે જેને છઠ્ઠ કરવાની શક્તિ ન હોય તેમણે છઠ્ઠે દિવસે પંચમી ન આવે તેવી રીતે છક્કીય ઉપધાનમાં પ્રવેશ કરવો.

૩૧ ઉપધાન તપ પૂર્ણ થયા પછીના પવેયણામાં પણ દિવસ પડે તો દિવસની વૃદ્ધિ થાય

૩૨ પૌષધમાં પડીલેહણા કરી કાજો પરિઠવી ઈરિયાવહી, કરી ગમણાગમણે આલોલવા (પ્રાચીન સમાચારી)

૩૩ પૌષધમાં સંધ્યા પ્રતિલેખનમાં પૌષધ શાળા પ્રમાજું આદેશ માગી શ્રાવિકાએ એકાસણું આંબિલ આદિ ભોજન કરેલ દિવસે તથા ઉપવાસના દિવસે મુહપત્તિ ચરવળો કટાસણું સાડો (ઘાઘરો) કાંચળી અને સાડલો આ છ વાનાની પડિલેહણા કરવી. (શ્રીપ્રાચીન સમાચારી)

૩૪ માળા સંબંધી જે દ્રવ્ય ઉત્પન્ન થાય તે સર્વ દેવ દ્રવ્યજ જાણવું. શ્રી સેન પ્રશ્નમાં શ્રીહીરસૂરીશ્વર ભગવાનના પટ્ટપ્રભાવક શ્રી સેનસૂરીશ્વરજી મહારાજે ૨૫૯૮ ઉલ્લેખ કરેલ છે કે—" मालासंबन्धिस्वर्णरजतसूत्रादि सर्वं देवद्रव्यं वा ज्ञानद्रव्यं वा साधारणद्रव्यं वेति प्रश्नोऽत्रोत्तरम् तत्सर्वं देवद्रव्यमिति ज्ञायते ॥१२॥ द्वितीयोल्लासे ભાવાર્થ—પ્રશ્ન માળા સંબંધી સ્વર્ણ ચાંદી સુતર આદિ સર્વ દેવ દ્રવ્ય, જ્ઞાન દ્રવ્ય કે સાધારણ દ્રવ્ય? ઉત્તર તે સ્વર્ણ ચાંદી સુતર આદિ સર્વ દેવ દ્રવ્ય તથા શ્રી શ્રાધ્ધ વિધિમાં પણ કહેલ છે કે—" देवद्रव्यवृद्धयर्थं प्रतिवर्षं मालोद्घट्टनं कार्यम् ।" ભાવાર્થ—દેવ દ્રવ્યની વૃધ્ધિને માટે દરવર્ષે માલારોપણ કરવું. આ પાઠોથી માલારોપણ દ્રવ્ય દેવદ્રવ્ય સિદ્ધ છે. આ સિવાય બીજા પણ પાઠો શ્રીશ્રાદ્ધવિધિ, સુકૃત સાગર તથા શ્રીકુમારપાલ પ્રબંધ આદિ પૂર્વાચાર્યો કૃત ઘણા ગ્રંથોમાં છે. કળિકાળ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્ર સૂરિ મહારાજની વિદ્યમાનમાં પણ માલારોપણની ઉચ્છરામણીનું દ્રવ્ય દેવ દ્રવ્યમાં જવાના પાઠો છે.

આ ક્રિયામાં ઉપયોગી પૌષધવિધિ છે અને પૌષધને લગતી તમામ વિધિઓ સુત્રો તેના અર્થો તથા જરૂરની સમજુતી ઓ શાહ કુંવરજી આણંદજી ભાવનગરવાળાની છપા-

વેલી પૌષધવિધિ નામની બુકમાં છપેલ છે તેથી આ બુકની સાથે તે પણ રાખવી અને બંને બુક સાથે વાંચી જવી જેથી પ્રયાસકારકનો પ્રયાસ સફળ થાય. તથાસ્તુ.

કેટલીક વધારે સમજુતી.

ચૈત્ર અને આસો માસમાં શુદિ ૭—૮—૯ એ ત્રણ ત્રણ દિવસ અને ઇદનો દિવસ એ ચાર દિવસો અસઝાયના હોવાથી ઉપધાનમાં ગણી શકાતા નથી, પરંતુ ચોથા ને છઠ્ઠા ઉપધાનમાં તેનો બાધ ગણાતો નથી. તેમ આ ત્રણ દિવસમાં કરેલ તપ કોઈ આલોયણમાં ગણાતો નથી.

"સર્વલોએ" આ ચાર અક્ષરો કેટલીક વિધિમાં ચોથા ઉપધાનમાં ચૈત્યસ્તવનના પ્રારંભમાં અને કેટલીક વિધિમાં પાંચમા ઉપધાનમાં નામસ્તવના અંતમાં વાંચના આપવા માટે લખવામાં આવ્યા છે. ઉપધાન વહેવરાવનારે પ્રવૃત્તિ અનુસાર તેની વાંચના આપવી.

સાંજની ક્રિયા પ્રવીણ શ્રાવિકા સ્થાપના સમિપે પણ કરી શકે એમ શ્રી હીરપ્રશ્નમાં કહેલ છે.

વરસાદનું માવઠું અકાળ વૃષ્ટિ કહેવાય છે, પણ તેથી ઉપધાનમાં દિવસ વધતો નથી.

કાર્તિકાદિ ત્રણ ચાતુર્માસમાં અઢી દિવસની અસઝાય ગણાય છે તે ઉપધાનમાં ગણવાની નથી.

ચાર કે છએ ઉપધાન વહ્યા પછી ૧૨ વર્ષ વ્યતીત થઈ ગયા હોય ને માળ પહેરી ન હોય તો ત્યાર પછી ઉપધાન બધા ફરીને વહેવા પડે, પણ જો તેવી શક્તિ ન હોય તો ૧૨ા ઉપવાસ કરાવી માળ પહેરાવવી. માળનું મુહૂર્ત નજીકમાં હોય તો ૬ ઉપવાસ કરાવી માળ પહેરાવવી, બાકીના ૬ા ઉપવાસ પછી કરાવવા આવો લેખ છે.

જરૂરી કારણે પાળી પલટાવવામાં આવે છે એટલે બે એકાસણા એક સાથે કરાવવામાં આવે છે.

આ શિવાય બીજી કેટલીક અપવાદીક હકીકત છે તે પ્રવાહ માર્ગ તરીકે ગણાઈ જવાના ભયથી આ બુકમાં લખેલ નથી. ઉપધાન વહેવરાવનારે તેનો યથાયોગ્ય ઉપયોગ વિધિની પ્રતો વિગેરે જોઈને કરવો.

॥ અથ ઉપધાનનું સ્તવન ॥

ઢાળ ૧ લી દેશી ત્રુટકની.

શ્રી વીરજિનેશ્વર સુપરે દીએ ઉપદેશ ॥ સુણે બાર પરખદા નહીં પરમાદ પ્રવેશ ॥ સુણજોરે શ્રાવક જો વહીએ ઉપધાન ॥ નવકાર ગણ્યા તો સુઝે સુગુણનિધાન ॥૧॥ ત્રુટક ॥ પડિકમણું કિરિયા તો સુઝે જો વહીએ ઉપધાન ॥ ઇમ જાણી ઉપધાન વહો તુમે શ્રાવક થઈ સાવધાન ॥૨॥ નોકારતણો તપ પહેલું અઢારીઉં હોય ॥ ઇરિયાવહીનો તપ બીજું અઢારીઉં જોય ॥ એ બેહુ ઉપધાન દિન અઢાર અઢાર ॥ ઉપવાસ એકાસણુ તપ હોય સાઢાબાર ॥૩॥ ॥ ત્રુટક ॥ સાઢાબાર ઉપવાસ તે કીજે ગુરૂમુખ પોસો લીજે ॥ ચોથ એકંતર એક એકાસણું પાપપડલ સવી છીજે ॥૪॥ એ બેહુ ઉપધાનમાં માંડી નાંદ મંડાણ ॥ પૂજા પરભાવના ઉચ્છવ કરો સુજાણ ॥ કિરિયા સવિ સાધુની રહેણી રહીએ ॥ દેહરે દેવ વાંદો સુમતિ ગુપતિ નિરવહીએ ॥૫॥ સુમતિ ગુપતિ સુપરે આરાધો ચૈત્યવંદન ન વિસારો ॥ હોય સહસ નોકાર ગણીને પોરસી ભણી સંથારો ॥૬॥ પાંચે ઉપવાસે પહેલી વાયણ હોય ॥ તપ પૂરે બીજી ગુરૂમુખ લીજે સોય ॥ એક જો છંડે તો વસ દિહાડો વાધે ॥ તિમ સુહ-[illegible] [illegible] જો સોધંતાં નવિ લાધે ॥૭॥ તિમ [illegible] [illegible] [illegible] [illegible] આવે ॥ [illegible] [illegible] [illegible]

દિક તો આલોયણુ આવે ॥૯॥ અરિહંતચેઇયાણું ચોકીયું તસ ઉપધાન ॥ ઉપવાસ ને આંબલ ચાર દિવસનું માન ॥ ઉપવાસ અઢી જબ તપ સંપૂરણ થાય ॥ વાયણા તબ લીજે પામી સુગુરૂપસાય ॥૯॥ સુગુરૂપાસે છકીયું વહીએ સાત દિવસ પરિમાણ ॥ બે ઉપવાસે પુખ્ખરવરદી અઢીએ સિદ્ધાણં બુધ્ધાણં ॥૧૦॥

ઢાળ ૨ જી—દેશી ઉધારની.

ભાઇ હવે માલ પહેરાવો, સાહમી સાહમિણીને નોતરાવો ॥ ભલા ભોજન ભક્તિ કરાવો ॥ રૂપાની રકેબી ઘડાવો ॥૧॥ માંહે મેવા મિઠાઇ ભરીએ ॥ હીરાગલ કમખા ધરીએ ॥ ચતુરાઇની ચાલ ન ચૂકો ॥ માંહે રૂપાનાણું મુકો ॥૨॥ ચાર પોહોર દેવડાવે ભાસ ॥ ગાય ગંધરવ જિનગુણ રાસ ॥ સાહામિણીને દ્યો તંબોલ ॥ ઇમ રાતીજગે રંગરોલ ॥૩॥ ઇણીપરે એ માલ જગાવો ॥ નેજાં નિશાણ મંગાવો ॥ પંચશબ્દ ઢોલ સરણાઈ ॥ સાંબેલા સબલ સજાઈ ॥૪॥ કુંઅરી શિર ખુંપ ભરીજે॥ ઈંદ્રાણી સિણગારીજે ॥ જિનશાસન સોહ ચઢાવો ॥ જગે બોધબીજ ઇમ વાવો ॥૫॥ ગયવર શિર ઠવીએ માલ ॥ માર્ગે દીયો દાન રસાલ ॥ ઇણીપરે સંઘ સાજન સાથે ॥ માલ આણી દીઓ ગુરૂ હાથે ॥૬॥ગુરૂરાય ઠવે તિહાં વાસ ॥ શ્રાવક મન અતિહી ઉલ્લાસ ॥ જેહને માલા કંઠે ઠવીજે ॥ મણિમય ભૂષણ તસ દીજે ॥૭॥ અંગપૂજા પ્રભાવના કીજે ॥ વ્રતધારી પહેરામણી દીજે ॥ પાઠાં પુસ્તક રૂમાલ ॥ ગુરૂભક્તિ કરો સુવિસાલ ॥૮॥ હવે શક્રસ્તવ ઉપધાન ॥ પાંત્રીસ દિવસ તસ માન ॥ ઉપવાસ સાઢાઓગણીશ ॥ વાયણા ત્રણ અતિહી જગીશ ॥૯॥ હવે અઠાવીસઉ જેહ ॥ ઉપધાન લોગસ્સનું તેહ ॥ સાઢાપન્નર ઉપવાસ ॥ વાયણા ત્રણ લીલવિલાસ ॥૧૦॥ ઇણીપરે એ છ ઉપધાન ॥ શ્રાવક શ્રાવિકા થાઓ સાવધાન ॥ વહી સફલ કરો અવતાર ॥ સંસારતણો લહો પાર ॥૧૧॥

કલશ.

શ્રી વીરજિનેશ્વર ઉપધાનવિધિ ઇમ ભવિક હિતહેતે કહે ॥ મહાનિશીથસિધ્ધાંતમાંહે સુલભબોધી સદ્દહે ॥ આરાધીએ ઉપધાન વહેતાં ચારે ભેદે ધર્મ એ ॥ દાન શીલ તપ ભાવ સુભગ તે પામીએ શિવધર્મ એ ॥૧॥ અઘટઘાટ શરીર હોય તે ઘાટમાંહે આવે ઘણો ॥ ખમાસમણ મુહ-પત્તિ કિરિયા જાણે વિધિ શ્રાવકતણો ॥ ઉપધાનના ગુણ કહું કેતા કહેતાં નાવે પાર એ ॥ હોય સફલ શ્રાવકતણી કિરીઆ ઉપધાને નિરધાર એ ॥૨॥ તપગચ્છનાયક સુમતિ દાયક શ્રી વિજયપ્રભસૂરીશ એ ॥ પુન્યપ્રતાપે અધિક દિન દિન જગત જસ જગીશ એ ॥ શ્રી કીર્તિવિજયઉવઝાયસેવક વિનય ઇણિપરે વિનવે ॥ દેવાધિદેવા ધર્મહેવા દેજો મુઝને ભવોભવે ॥૩॥ ઇતિ॥

(શ્યામજીયા સીદને ચાલો રે પાયે પડું છું. એ દેશી)

તપ ઉપધાન અતિ સુખકારી રે, ભાવથી કરજો;
શ્રી વીર વિભુનાં વચનાં રે ઉરમાં ધરજો ॥અચંલી॥
વ્હાલાજી તપ એ સારૂં, થાય કર્મ જીવથી ન્યારૂં;
એ શિવપુરનું છે બારૂં રે ॥ભાવથી. ॥૧॥
શ્રી મહાનિશીથ ઇમ ભાખે, એ તપ જે હૃદયે રાખે;
તે શિવ સુખનો રસ ચાખે રે ॥ભાવથી ॥૨॥
નવકાર તપ પહેલો જાણો, અષ્ટાદશ દિન પ્રમાણો;
ઇરિયાવહી એમ વખાણો રે ॥ભાવથી. ॥૩॥
તપ સાડા બાર ઉપવાસો, ભિન્ન ભિન્ન નિત્ય પોસહ ખાસો;
હોય ગુરૂચરણમાં વાસો રે ॥ ભાવથી. ॥૪॥
ધન્ય ભાગ્ય જેહનાં જાગે, એ કિરિયામાં ચિત્ત લાગે;
તસ દુઃખડાં સવિ દૂર ભાગે રે ॥ભાવથી. ॥૫॥
સુમતિ ગુપ્તિમાં રહેવું, નહીં કડવું કેણ કાંઈ કહેવું;
તો ટળશે જગનું વ્હેવું રે ॥ભાવથી. ॥૬॥

ચોકીયું અરિહંત ચેઇયાણુ, માન ચાર દિવસનું જાણું;
છે અઢી ઉપવાસ પ્રમાણુ રે ॥ભાવથી. ॥૭॥
છઠીયું સાત દિનનું જાણું, પુખ્ખરવરદી સિધ્ધાણું;
બુધ્ધાણું પાઠ સુખ ખાણુ રે ॥ભાવથી. ॥૮॥
પુખ્ખરવર બે ઉપવાસ, સિધ્ધાણુંના અઢીખાસ;
કરો કર્મ થાય જેમ નાશ રે ॥ભાવથી. ॥૯॥
એ તપ કરી પહેરો માળ, કરી મહોચ્છવ ઝાકઝમાળ;
ટળે એહથી જગ જંજાળ રે ॥ભાવથી. ॥૧૦॥
હોય શક્રસ્તવ ઉપધાન, પાંત્રીશ દિવસનું માન;
સાડી ઓગણીશ વ્રત પ્રધાન રે ॥ભાવથી. ॥૧૧॥
ઉપધાન લોગસ્સ નામ, દિન અઠ્ઠાવીશ છે જામ;
સાડા પંદર વ્રત તામ રે ॥ભાવથી. ॥૧૨॥
જે તપથી શ્રુત આરાધે, તે કેવળ કમલા સાધે;
શુભ આતમલબ્ધિ લાધે રે ॥ભાવથી. ॥૧૩॥

દેવ વાંદવાની વિધિ.

પ્રથમ ખમાસમણ દઈ, ઈરિહાવહી પડિક્કમિ, લોગસ્સ કહી, ઉત્તરાસણ નાંખીને ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં? ઇચ્છં કહી ચૈત્યવંદન કરી જંકિંચી નમુથ્થુણં અને અર્ધા જયવિયરાય (આભવમખંડા સુધી) કહી ખમાસમણ દઈ, ચૈત્યવંદન કરી જંકિંચી નમુથ્થુણં કહી, યાવત્ ચાર થુઈઓ કહેવી પછી નમુથ્થુણં કહી બીજી વાર ચાર થુઇઓ કહેવી. પછી નમુથ્થુણં કહી બે જાવંતી કહી, સ્તવન (ઉવસગ્ગહર) અથવા બીજું કહેવું. અને જયવિયરાય અર્ધા કહેવા પછી ખમાસમણ દઈ ચૈત્યવંદન કરી જંકિંચી, નમુથ્થુણં કહીને જયવિયરાય સંપૂર્ણ કહેવા. ત્યારપછી વિધિ કરતાં અવિધિ થઇ હોય તેનો મિચ્છામિ દુક્કડં દઈને સવારના દેવ વંદનમાં છેવટે સજ્ઝાય કહેવી. (બપોરે તથા સાંજે

ન કહેવી) તે સજ્ઝાયને માટે એક ખમાસમણુ દઈ, ઇચ્છા કારેણ સંદિસહ ભગવન્ સજ્ઝાય કરૂં ? ઇચ્છં કહી એક નવકાર ગણીને ઉભડક પગે બેસી એક જણ મન્હ જીણાણુંની સજ્ઝાય કહે. (ત્યારપછી નવકાર ન ગણવો)

મન્હ જીણાણુંની સજ્ઝાય.

મન્હ જિણાણું આણું, મિચ્છં પરિહરહ ધરહ સમ્મત્તં
છવ્વિહઆવસ્સયંમિ, ઉજ્જુતો હોઈ પઈ દિવસં ॥૧॥
પવ્વેસુ પોસહવયં દાણું સીલં તવો અ ભાવો અ ॥
સજ્ઝાયનમુક્કારો, પરોવયારો અ જયણા ય ॥૨॥
જિણપૂઆ જિણથુણણું, ગુરૂથુઅ સાહમ્મિઆણુવચ્છલ્લં ॥
વવહારસ્સ ય સુધ્ધિ, રહજત્તા તિત્થજત્તા ય ॥૩॥
ઉવસમવિવેકસંવર—ભાસાસમિઈછજીવકરૂણા ય ॥
ધમ્મિઅજણસંસગ્ગો, કરણદમો ચરણપરિણામો ॥૪॥
સંઘોવરી બહુમાણો, પુત્થયલિહણં પભાવણા તિથ્થે ॥
સડ્ઢાણ કિચ્ચમેઅં, નિચ્ચં સુગુરૂવએસેણં ॥૫॥

છ ઘડી દિવસ ચઢયા પછી પોરિસી ભણાવવી તેની વિધિ.

પ્રથમ ખમાસમણ દઈ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ બહુ પડિપુન્ના પોરિસી કહી, ખમાસમણ દઇ ઇરિયાવહી પડિક્કમવા પછી ખમાસમણ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પડિલેહણ કરૂં ? ઇચ્છં કહીને મુહપત્તિ પડિલેહવી.

ગુરૂ હોય તો તેમની સમક્ષ રાઈ મુહપત્તિ પડિલેહવી તેની વિધિ આ પ્રમાણે.

રાઈમુહપત્તિની વિધિ.

પ્રથમ ખમાસમણ દઈ, ઇરિયાવહી પડિક્કમી, ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ રાઈમુહપત્તિ પડિલેહું ? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહવી પછી બે વાંદણાં દેવા,

પછી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ રાઈઅં આલોઉં ? ઇચ્છં કહી તેનો પાઠ કહેવો. પછી સવ્વસ્સવિ રાઈઅં, કહીને પન્યાસ હોય તો બે વાંદણા દેવા. પન્યાસ ન હોય તો એક ખમાસમણુજ દેવું. પછી ઇચ્છકાર સુહરાઇ કહીને અબ્ભુટ્ઠિઓહં ખમાવવું. પછી બે વાંદણાં દેવા પછી ઇચ્છકારી ભગવન્ પસાય કરી પચ્ચખ્ખાણનો આદેશ દેશોજી. એમ કહીને પચ્ચખાણ લેવું.

પચ્ચખ્ખાણ પારવાનો વિધિ.

પ્રથમ ખમા૦ દઈ ઇરિયાવહી પડિક્કમવા યાવત્ લોગસ્સ કહી ખમા૦ દઇ ઇચ્છાકારેણ સંદિહ ભગવન્ ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી જગચિંતામણીનું ચૈત્યવંદન જય વિયરાય સંપૂર્ણ સુધી કરવું. (સ્તવન ઉવસ્સગ્ગહરનું કહેવું) પછી ખમા૦ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સઝાય કરૂં ? એમ કહી એક નવકાર ગણીને મન્હ જિણાણંની સઝાય કહેવી. પછી ખમા૦ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહવી. પછી ખમા૦ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પચ્ચખ્ખાણ પારૂં ? યથાશક્તિ કહી ખમા૦ દઇ ઇચ્છા૦ પચ્ચખ્ખાણ પાર્યું તહત્તિ કહી જમણો હાથ મુઠી વાળીને ચરવળા ઉપર સ્થાપી એક નવકાર ગણીને જે પચ્ચખ્ખાણ કર્યું હોય તે નામ લઇને નીચે પ્રમાણે પારવું—

ઉગ્ગએ સૂરે નમુક્કાર સહિઅં પોરિસિ સાઢપોરિસિ સૂરે ઉગ્ગએ પુરિમુડ્ઢ મુટ્ઠિસહિઅં પચ્ચખ્ખાણ કર્યું ચઉવીહાર; આંબીલ, નીવી એકાસણું કર્યું તિવિહાર, પચ્ચખ્ખાણ ફાસિઅં, પાલિઅં, સોહિઅં, તીરિઅં, કિટ્ટીઅં. આરાહિઅં જંચ ન આરાહિઅં તસ્સ મિચ્છામિ દુક્કડં પછી એક નવકાર ગણવો.

(તિવિહાર ઉપવાસવાળાને આ પ્રમાણે)

સૂરે ઉગ્ગએ ઉપવાસ કર્યો તિવિહાર; પોરિસિ સાઢ-પોરિસિ, પુરિમુડ્ઢ મુટ્ઠિસહિઅં, પચ્ચખ્ખાણ કર્યું પાણહાર, પચ્ચખ્ખાણ ફાસિઅં, પાલિઅં. સોહિઅં, તિરિઅં, કિટ્ટીઅં, આરાહિઅં, જંચ ન આરાહિઅં, તસ્સ મિચ્છામિ દુક્કડં.

પોસહ લેવાનો વિધિ.

પ્રથમ ખમાસમણ દઇ ઇરિયાવહી પડિક્કમી યાવત્ પ્રગટ લોગસ્સ કહી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પોસહ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં કહીને મુહપત્તિ પડિલેહવી. પછી ખમા૦ દઇ ઇચ્છાકારેણ૦ પોસહ સંદિસાહુ ઇચ્છં કહી ખમા દઇ ઇચ્છા૦ પોસહ ઠાઉં ? ઇચ્છં કહી બે હાથ જોડી એક નવકાર ગણી ઇચ્છકારી ભગવન્ પસાય કરી પોસહદંડક ઉચ્ચરાવોજી. એટલે ગુરૂ મહારાજ કરેમિભંતે પોસહનો પાઠ ઉચ્ચરાવે. પછી ખમા૦ દઇ ઇચ્છા૦ સામાયિક મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહવી. પછી ખમા૦ દઇ ઇચ્છા૦ સામાયિક સંદિસાહું ? ઇચ્છં ખમા૦ દઇ ઇચ્છા૦ સામાયિક ઠાઉં ? ઇચ્છં કહી બે હાથ જોડી એક નવકાર ગણી ઇચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી. એટલે ગુરૂ કરેમિભંતે સામાઇઅંનો પાઠ કહે. પછી ખમા૦ દઇ ઇચ્છા૦ બેસણે સંદિસાહું ? ઇચ્છં ખમા૦ દઇ ઇચ્છા૦ બેસણે ઠાઉં ? ઇચ્છં ખમા૦ દઇ ઇચ્છા૦ સઝાય સંદિસાહું ? ઇચ્છં ખમા૦ દઇ ઇચ્છા૦ સઝાય કરૂં ? ઇચ્છં કહી ત્રણ નવકાર ગણવા. પછી ખમા૦ દઇ ઇચ્છા૦ બહુવેલ સંદિસાહુ ઇચ્છં. કહી ખમા૦ દઇ ઇચ્છા૦ બહુવેલ કરશું ? ઇચ્છં. કહી ખમા૦ દઇ ઇચ્છા૦ પડિલેહણ કરૂં ? ઇચ્છં કહીને મુહપત્તિ વિગેરે પાંચ ઉપગરણો પડિલેહવા.

(મુહપત્તિ ૫૦ બોલથી ચરવળો ૧૦ બોલથી કટાસણું ૧૫ બોલથી પડિલેહવું.) પછી ખમા૦ દઇ ઇરિયાવહી કરી પ્રગટ લોગસ્સ કહેવો. પછી ખમા૦ દઇ ઇચ્છકારી ભગવન્ પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી. એમ કહી વડીલનું અણુ પડિલિધેલ ઉત્તરાસન પડિલેહવું. ખમા૦ દઇ ઇચ્છા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહવી.પછી ખમા૦ દઇ ઇચ્છા૦ ઉપધિપડિલેહું ? ઇચ્છં* કહી બાકીના બધા વસ્ત્ર પડિલેહવા. પછી એક જણે ડંડાસન જાચી લેવું, તેને પડિલેહી, ઇરિયાવહી પડિક્કમીને કાજો લેવો. કાજો શુદ્ધ કરીને એટલે* તપાસીને ત્યાંજ સ્થાપનાચાર્યની સન્મુખ ઉભા રહીને ઇરિયાવહી પડિક્કમવા પછી કાજો યથા યોગ્ય સ્થાનકે अणुजाणह जस्सुग्गहो કહીને પરઠવવો. પરઠવ્યા પછી ત્રણ વાર वोसिरे વોસિરે કહેવું. પછી મૂળ સ્થાનકે આવીને ઇરિયાવહી કરી ગમણાગમણે આલોવી સર્વ સાથે દેવ વાંદી સજ્ઝાય કરવી.

બીજીવાર પડિલેહણ ત્રીજા પહોર પછી મુનિ મહારાજે સ્થાપનાચાર્યની પડિલેહણ કરી હોય તેની સમક્ષ કરવી તેની વિધિ આ પ્રમાણે—

પ્રથમ ખમા૦ દઇ ઇચ્છા૦ બહુપડિપુન્ના પોરિસી ? કહી ખમા૦ દઇ ઇચ્છા૦ ઇરિયાવહીયં પડિક્કમામિ કહી ઇરિયાવહી પડિક્કમવા પછી ખમા૦ દઇ ગમણાગમણે આલોઉં ઇચ્છં કહી ગમણાગમણે આલોવવા. પછી ખમ૦ દઇ ઇચ્છા૦ પડિલેહણ કરું ? ઇચ્છં કહી ખમા૦ દઇ ઇચ્છા૦ પોસહશાળા પ્રમાર્જું ? ઇચ્છં કહીને ઉપવાસવાળાએ મુહપત્તિ, કટાસણું, ને ચરવળો પડિલેહવા અને એકાસણાદિક કરનારે કંદોરો અને

---

*પ્રથમ પડિલેહણ કરી હોય તેણે અહીં વિધ કરતાં અવિધિ થઇ હોય તેનો મિચ્છામિ દુક્કડં દેવો.

* કાજામાં સચિત્ત એકેંદ્રિય (અનાજ તથા લીલી વનસ્પતિ) નીકળે તો ગુરુ પાસે આલોયણ લેવી, ત્રસજીવ નીકળે તો યતના કરવી.

ધોતીયા સાથે પાંચ વાનાં પડિલેહવા. શ્રાવિકાઓને ઉપવાસના દિવસે તથા એકાસણાના દિવસે પણ મુહપત્તિ ચરવળો કટાસણું સાડો કંચુકી અને સાડલો છ વાનાં પડિલેહવાં. કંદોરો છોડીનેજ પડિલેહવો અને કંદોરો છોડનારે ઈરિયા-વહી પડિક્કમવા પછી ખમા૦ દઇ ઇચ્છકારી ભગવન્ પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી એમ કહી વડીલનું એક વસ્ત્ર પડિલેહવું પછી ખમા૦ દઇ ઇચ્છા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું? ઇચ્છં કહી ઉપધિ મુહપત્તિ પડિલેહવાં. પછી ખમા૦ દઇ ઇચ્છા૦ સજાય કરૂં? ઇચ્છં કહી નવકારગણી મન્હ જીણાણંની સઝાય ઉભડક પગે બેસીને કરવી. પછી ખાધું હોય તો તે વાંદણાં દઈને પાણહારનું પચ્ચખ્ખાણ કરે. અને તિવિહાર ઉપવાસવાળા માત્ર ખમાસમણ દઈ ઈચ્છકારી ભગવન્ પસાય કરી પચ્ચખ્ખાણનો આદેશ દેશોજી કહી પાણહારનું પચ્ચખ્ખાણ કરે. ચોવિહાર ઉપવાસ વાળાએ તો પચ્ચખ્ખાણ કરવાનું નથી. પણ પ્રભાતે તિવિહાર ઉપવાસનું પચ્ચખ્ખાણ લીધું હોય ને પાણી ન પીધું હોય તો આ વખતે ચઉવિહાર ઉપવાસનું પચ્ચખ્ખાણ કરે. પછી ખમા૦ દઇ ઇચ્છા૦ ઉપધિ સંદિસાહું? ઇચ્છં ખમા૦ દઇ ઇચ્છા૦ ઉપધિ પડિલેહું? ઇચ્છં કહી બાકી રહેલા બધા વસ્ત્રોની પડિલેહણા કરે રાત્રિ પોસહ કરનાર પ્રથમ કામળી પડિલેહે પછી એક જણે દંડાસન ચાચી ઈરિયાવહી પડિક્કમિ કાજો લેવો. પછી શુદ્ધ કરી વિધિયુક્ત પરઠવે પછી ઈરિયાવહી કરી ગમણાગમણે આલોવે પછી સર્વ દેવ વાંદે.

હવે જેણે રાત્રિપોસહ લીધો હોય તે સાંજના દેવ વાંદ્યા પછી કુંડળ (રૂના પુંભડા) લઈને તથા કુંડાસણ [illegible] ચુનો નાંખેલું અચિત્ત પાણી જાચી [illegible] પછી ખમા૦ દઈ ઈરિયાવહી [illegible]? ઈચ્છં કહી ચોવીસ [illegible]

આ માંડલાં રાત્રીએ વડીનીતિ લઘુનીતિ વિગેરે પરઠવવા યોગ્ય જગ્યા જોઈ આવીને પ્રતિલેખણુ નિમિત્તે કરવાના છે તેમાં પ્રથમ સંથારા પાસેની જગ્યાએ ૭ માંડલાં કરવાં—

१ आघाडे आसन्ने उच्चारे पासवणे अणहियासे
२ आघाडे आसन्ने पासवणे अणहियासे
३ आघाडे मज्झे उच्चारे पासवणे अणहियासे
४ आघाडे मज्झे पासवणे अणहियासे
५ आघाडे दूरे उच्चारे पासवणे अणहियासे
६ आघाडे दूरे पासवणे अणहियासे.

બીજા ૭ ઉપાશ્રયના બારણાની માંહેની તરફના માંડલાં નીચે પ્રમાણે કહેવા.

१ आघाडे आसन्ने उच्चारे पासवणे अहियासे
२ आघाडे आसन्ने पासवणे अहियासे
३ आघाडे मज्झे उच्चारे पासवणे अहियासे
४ आघाडे मज्झे पासवणे अहियासे
५ आघाडे दूरे उच्चारे पासवणे अहियासे
६ *आघाडे दूरे पासवणे अहियासे.*

ત્રીજા ૭ માંડલાં ઉપાશ્રયના બહાર નજીક રહીને કરવા તે નીચે પ્રમાણે.

१ अणाघाडे आसन्ने उच्चारे पासवणे अणहियासे
२ अणाघाडे आसन्ने पासवणे अणहियासे
३ अणाघाडे मज्झे उच्चारे पासवणे अणहियासे
४ अणाघाडे मज्झे पासवणे अणहियासे
५ अणाघाडे दूरे उच्चारे पासवणे अणहियासे
६ अणाघाडे दूरे पासवणे अणहियासे

ચોથા ૭ માંડલાં ઉપાશ્રયથી સો હાથને આસરે દૂર રહી કરવાં તે નીચે પ્રમાણે:—

१ अणाघाडे आसन्ने उच्चारे पासवणे अहियासे
२ अणाघाडे आसन्ने पासवणे अहियासे

३ अणाघाडे मज्झे उच्चारे पासवणे अहियासे
४ अणाघाडे मज्झे पासवणे अहियासे
५ अणाघाडे दूरे उच्चारे पासवणे अहियासे
६ अणाघाडे दूरे पासवणे अहियासे

સંથારા પોરિસીની વિધિ.

હવે રાત્રિ પોસહવાળા પહોર રાત્રી સુધી સ્વાધ્યાય ધ્યાન કરે, પછી ખમા૦ દઈ ઇચ્છા૦ બહુ પડિપુન્ના પોરિસી કહી ખમા૦ દઇ ઇરિયાવહી પડિક્કમે પછી ખમા૦ દઇ ઇચ્છા૦ બહુ પડિપુન્ના પોરિસી રાઈયે સંથારે ઠાઉં ? (ઠાઇસુ) એમ કહીને ચઉક્કસાયનું ચૈત્યવંદન જય વીયરાય સુધી કરે. પછી ખમા૦ દઈ ઇચ્છા૦ સંથારા વિધિ ભણુવા મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં કહીને મુહપત્તિ પડિલેહીને निसिही निसिही निसिही नमो खमासमणाणं गोयमाइणं महा मुणिणं આટલો પાઠ, નવકાર તથા કરેમિભંતે એ બધું ત્રણવાર કહે. પછી સંથારા પોરિસીનો પાઠ નીચે પ્રમાણે બોલે.

अणुजाणह जिट्ठिज्जा
अणुजाणह, परमगुरु, गुरुगुणरयणेहिं मंडियशरीरा ॥
बहुपडिपुन्ना पोरिसि, राइअसंथारए ठामि ॥१॥
अणुजाणह संथारं, बाहुवहाणेण वामपासेणं ॥
कुक्कुडिपायपसारेण, अंतरंत पमज्जए भूमिं ॥२॥
संकोइअसंडासा, उवट्टंते य कायपडिलेहा ॥
दव्वाइ उवओगं, ऊसासनिरुंभणालोए ॥३॥
जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्सिमाइ रयणीए ॥
आहारमुवहिदेहं, सव्वं तिविहेण वोसिरिअं ॥४॥
चत्तारि मंगलं, अरिहंता मंगलं, सिद्धा मंगलं ॥
साहू मंगलं, केवलिपण्णत्तो धम्मो मंगलं ॥५॥
चत्तारि लोगुत्तमा, अरिहंता लोगुत्तमा, सिद्धा लोगुत्तमा ॥
साहू लोगुत्तमा, केवलिपण्णत्तो धम्मो लोगुत्तमो ॥६॥

चत्तारि सरणं पवज्जामि, अरिहंते सरणं पवज्जामि ॥
सिद्धे सरणं पवज्जामि, साहू सरणं पवज्जामि
केवलिपन्नत्तं धम्मं सरणं पवज्जामि ॥७॥
पाणाइवयमलियं, चोरिक्कं मेहुणं दविणमुच्छं ॥
कोहं माणं मायं, लोभं पिज्जं तहा दोसं ॥८॥
कलहं अब्भक्खाणं, पेसुन्नं रइअरइसमाउत्तं ॥
परपरिवायं मायामोसं, मिच्छत्तसल्लं च ॥९॥
वोसिरिसु इमाइं मुक्खमग्ग-संसग्गविग्घभुआइं ॥
दुग्गइनिबंधणाइं, अट्ठारसपावठाणाइं ॥१०॥
एगोहं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्सइ ॥
एवं अदीणमणसो, अप्पाणमणुसासइ ॥११॥
एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ ॥
सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा ॥१२॥
संजोगमूला जीवेण, पत्ता दुक्खपरंपरा ॥
तम्हा संजोगसंबंधं, सव्वं तिविहेण वोसिरियं ॥१३॥
अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरुणो ॥
जिणपन्नतं तत्तं, इय सम्मत्तं मए गहियं ॥१४॥

આ ચૌદમી ગાથા ત્રણવાર કહેવી પછી સાત નવકાર ગણવા. પછી નીચેની ત્રણ ગાથા કહેવી.

खमिअ खमाविअ मइ खमिअ, सव्वहजीवनीकाय ॥
सिद्धसाख आलोयणह, मुज्झह वइर न भाव ॥१६॥
सव्वे जीवा कम्मवस, चउदहराज भमंत ॥
ते मे सव्व खमाविया, मुज्झवि तेह खमंत ॥१७॥
जं जं मणेण बद्धं, जं जं वाएण भासियं पावं ॥
जं जं काएण कयं, मिच्छा मि दुक्कडं तस्स ॥१७॥

આ પ્રમાણે સંથારા પોરિસી કહી રહ્યા પછી સઝાય ધ્યાન કરે અને જ્યારે નિદ્રાપીડીત થાય ત્યારે માત્રા વિગેરેની બાધા ટાળીને ત્રિકાલે પડિલેહેલી જગ્યાએ સંથારો કરે તે આ પ્રમાણે—

પ્રથમ જમીન પડિલેહીને સંથારો પાથરે, તેના ઉપર ઉત્તર પટ્ટો પાથરે, મુહપત્તિ કેડે ભરાવે, કટાસણું ચરવળો પડખે મુકે અને માતરીયું પહેરીને ડાબે પડખે હાથનું ઓશીકું કરીને સુવે.

સ્થંડિલ જવાની વિધિ.

પોસહમાં કહિ સ્થંડિલ જવું પડે તો માતરીયું પહેરી કાળનો વખત હોય તો માથે કામળી ઓઢી મુહપત્તિ કેડે રાખી, ચરવળો કાખમાં રાખી, અચિત પાણી યાચી રાખેલ હોય તે લઇને નિર્જીવ જગ્યા જોઈ 'અણુજાણહ જસ્સુગ્ગહો' કહીને બાધા ટાળે. ઉઠતી વખતે ત્રણવાર 'વોસિરે વોસિરે' કહે. પછી પૌષધ શાળાએ આવી હાથ પગ ધોઇને વસ્ત્ર બદલી સ્થાપનાચાર્ય સમક્ષ ઇરિયાવહી પડિક્કમે પછી ખમા૦ દઇ ઇચ્છા૦ ગમણાગમણે આલોઉં ? ઇચ્છં કહીને ગમણાગમણે આળોવે. જતાં આવસ્સહી અને પેસતાં નિસ્સહી કહે.

પૌષધ પારવાની વિધિ.

ખમા૦ દઇ ઇરિયાવહી પડિક્કમી, * ચઉક્કસાયથી જયવિયરાય પર્યંત કહીને, ખમા૦ દઇ ઇચ્છા૦ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહવી. પછી ખમા૦ દઇ ઇચ્છા૦ પોસહ પારૂં ? યથાશક્તિ ખમા૦ દઇ ઇચ્છા૦ પોસહ પાર્યો, તહત્તિ કહી, નવકાર ગણી ચરવળા ઉપર જમણો હાથ સ્થાપીને સાગરચંદો કહે તે આ પ્રમાણે:—

सागरचंदो

सागरचंदो कामो, चंदवडिंसो सुदंसणो धन्नो ॥
जेसिं पोसहपडिमा, अखंडिआ जीविअंते वि ॥१॥
धन्ना सलाहणिज्जा, सुलसा आणंदकामदेवा य ॥
जास पसंसइ भयवं, दढव्वयत्तं, महावीरो ॥२॥

---

* સવારમાં પૌષધ પારનારાને ચઉક્કસાયથી જયવીયરાય સુધી પાઠ કહેવાની જરૂર નથી.

પોસહ વિધિએ લીધો, વિધિએ પાર્યો, વિધિ કરતાં જે કાંઇ અવિધિ હુઓ હોય તે સવિ હું મનવચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

પછી ખમા૦ દઈ ઇચ્છા૦ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહવી. ખમા૦ દઈ ઇચ્છા૦ સામાયિક પારૂં ? યથાશક્તિ કહી, ખમા૦ દઈ ઇચ્છા૦ સામાયિક પાર્યું તહત્તિ કહી ચરવળા ઉપર જમણો હાથ સ્થાપી નવકાર ગણીને સામાઈઅવયજુત્તો કહે. પછી વિધિ કરતાં જે કાંઈ અવિધિહુઓ હોય તે સવિ હું મન વચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

માથે કામળી નાખવાનો કાળ.

અષાડ સુદી ૧૫ થી કાર્તિક સુદી ૧૪ સુધી સાંઝે છ ઘડી દિવસ રહે ત્યાંથી સવારે છ ઘડી દિવસ ચડે ત્યાં સુધી. કાર્તિક સુદી ૧૫ થી ફાગણ સુદી ૧૪ સુધી સંધ્યાએ ચાર ઘડી દિવસ બાકી રહે ત્યાંથી સવારે ચાર ઘડી દિવસ ચડે ત્યાં સુધી. ફાગણ સુદી ૧૫ થી અશાડ સુદી ૧૪ સુધી બે ઘડી દિવસ બાકી રહે ત્યાંથી સવારના બે ઘડી દિવસ ચડે ત્યાં સુધી.

અચિત્તપાણીનો કાળ.

અશાડ સુદી ૧૫ થી કાર્તિક સુદ ૧૪ સુધી ચુલાથી ઉતર્યા પછી ત્રણ પહોરનો. કાર્તિક સુદી ૧૫ થી ફાગણ સુદ ૧૪ સુધી ચાર પહોરનો. ફાગણ સુદી ૧૫ થી અશાડ સુદ ૧૪ સુધી પાંચ પહોરનો.

આ પ્રમાણેના કાળ પછી અચિત્તપાણી પાછું સચિત્ત ભાવને પામે છે. તેથી પોસહમાં યાચી લીધેલું, પાણી કાળ ઉપરાંત રહેવા ન દેવું. કાળપૂર્ણ થવાના વખત અગાઉ

અચિત્તપાણીની અંદર કળીચુનો નાંખવો. જેથી ૨૪ પહોર સુધી અચિત્ત રહે. પણ જો ચુનો નાંખવો ભુલી જાય અને કાળ વ્યતિત થાય તો આલોયણ આવે. માટે ઉપયોગ રાખવો.

મુહપત્તિના પચાશ બોલ.

સૂત્ર અર્થ તત્વ કરી સદ્દહું (દ્રષ્ટિ પડિલેહણા) ૧

સમકિત મોહની ૧, મિશ્ર મોહની ૨, મિથ્યાત્વ મોહની ૩, પરિહરૂં.

કામરાગ ૧, સ્નેહરાગ ૨, દ્રષ્ટિરાગ ૩, પરિહરૂં.

(આ ૭ બોલ મુહપત્તિ ઉભી હલાવતાં બોલવા.)

સુદેવ ૧, સુગુરૂ ૨, સુધર્મ ૩, આદરૂં.

કુદેવ ૧, કુગુરૂ ૨, કુધર્મ ૩, પરિહરૂં.

જ્ઞાન ૧, દર્શન ૨, ચારિત્ર ૩. આદરૂં.

જ્ઞાન વિરાધના ૧, દર્શન વિરાધના, ચારિત્ર વિરાધના ૩ પરિહરૂં.

મનગુપ્તિ ૧, વચનગુપ્તિ ૨, કાયગુપ્તિ ૩, આદરૂં.

મનદંડ ૧, વચનદંડ ૨, કાયદંડ ૩, પરિહરૂં.

(આ ૧૮ બોલ ડાબા હાથની હથેલીમાં કહેવા.)

અહીં સુધીના પચ્ચીશ બોલ મુહપત્તિ પડિલેહવાના છે.

નીચેના પચ્ચીશ બોલ શરીર પડિલેહવાના છે.

હાસ્ય ૧, રતિ ૨, અરતિ ૩ પરિહરૂં. (ડાબી ભુજા ફરતા)

ભય ૧, શોક ૨, દુગંચ્છા ૩ પરિહરૂં. (જમણી ભુજા ફરતા)

કૃષ્ણલેશ્યા ૧, નીલલેશ્યા ૨, કાપોતલેશ્યા ૩ પરિહરૂં. (મસ્તકે)

રસગારવ ૧, ઋદ્ધિગારવ ૨, શાતાગારવ ૩ પરિહરૂં.
(મુખે.)
માયાશલ્ય ૧, નિયાણુશલ્ય ૨, મિથ્યાત્વશલ્ય ૩,
પરિહરૂં. (હૃદયે)
ક્રોધ ૧, માન ૨, પરિહરૂં. (ડાબી ભુજા પાછળ)
માયા ૧, લોભ ૨ પરિહરૂં. (જમણી ભુજા (પાછળ)
પૃથ્વી કાય ૧, અપકાય ૨, તેઉકાય ૩. ની રક્ષા
કરૂં. (ડાબે પગે)
વાઉકાય ૧, વનસ્પતિકાય ૨, ત્રસકાય ૩,ની જયણા
કરૂં (જમણે પગે)

પચાસ બોલ કેવી રીતે કહેવા તેની વિશેષ સમજણ સુજ્ઞ મનુષ્યો પાસેથી મેળવવી.

જિન મંદિરે દર્શન કરવા જવાનો વિધિ.

પોસહ લીધા પછી જિન મંદિરે દર્શન કરવા જરૂર જવું જોઇએ, ન જાય તો આલોયણ આવે. તેથી ડાબે ખભે કટાસણું નાખી, ઉત્તરાસણ કરી, ચરવળો ડાબી કાખમાં અને મુહપત્તિ જમણા હાથમાં રાખી, ઈર્યા સમિતિ શોધતાં મુખ્ય જિન મંદિરે જવું. ત્યાં ત્રણ વાર નિસ્સહી કહીને દહેરાસરના આદ્ય દ્વારમાં પ્રવેશ કરવો. પ્રથમ મુળનાયક જીની સન્મુખ જઇ દૂરથી પ્રણામ કરીને ત્રણ પ્રદક્ષિણા દેવી. પછી બીજીવાર નિસ્સહી કહી રંગમંડપમાં પ્રવેશ કરી દર્શન સ્તુતિ કરીને નિસ્સહી કહી ખમા૦ દઇ ઈરિયા-વહી પડિક્કમવા. પછી ત્રણ ખમાસમણ દઇ ચૈત્યવંદન કરવું. પાછા જિન મંદિરમાંથી નીકળતાં ત્રણવાર આવસ્સહી કહી ઉપાશ્રયે આવવું. ત્યાં ત્રણ વાર નિસ્સહી કહીને પ્રવેશ કરવો. અને સો ડગલાં ઉપરાંત ગયા હોય તો ઈરિયાવહી પડિક્કમવા તથા ગમણાગમણે આલોવવા.

સામાયિકના બત્રીશ દોષ.

(મનના)

૧ વેરી સમજ્યા વિના સામાયિક કરે.

૨ સામાયિક કરીને યશકીર્તિની વાંચ્છા રાખે.

૩ સામાયિકના પસાયથી ધનની વાંચ્છા કરે.

૪ સામાયિક કર્યાનો ગર્વ કરે.

૫ લોક નિંદાના ભયથી સામાયિક કરે.

૬ સામાયિક કરીને ધન વિગેરે પામવાનું નિયાણું કરે.

૭ સામાયિકના ફળનો સંદેહ કરે,

૮ કષાયયુક્ત ચિત્તે સામાયિક કરે.

૯ ગુરૂનો તથા સ્થાપનાચાર્યનો વિનય ન કરે.

૧૦ ભક્તિ ભાવપૂર્વક સામાયિક ન કરે.

વચનના

૧ સામાયિકમાં કુવચન બોલે.

૨ ઉપયોગ વિના અવિચાર્યું બોલે.

૩ કોઈની ઉપર ખોટું આળ મુકે.

૪ સામાયિકમાં શાસ્ત્રની અપેક્ષા વિના સ્વચ્છંદે બોલે.

૫ સૂત્રપાઠના વચનો સંક્ષેપ કરીને બોલે.

૬ સામાયિકમાં કોઇ સાથે કજીઓ કરે.

૭ રાજકથાદિક ચાર વિકથા કરે.

૮ સામાયિકમાં કોઈની મશ્કરી કરે.

૯ સૂત્રપાઠનો ઉચ્ચાર અશુદ્ધ કરે.

૧૦ ઉતાવળો સૂત્રપાઠનો ઉચ્ચાર કરે.

કાયાના.

૧ સામાયિકમાં પગ ઉપર પગ ચઢાવીને બેસે. ઉંચે આસને બેસે.

૨ આસન વારંવાર ફેરવે. ચપળતા રાખે.

૩ મૃગની પેઠે ચારે દિશામાં ચળવિચળ દ્રષ્ટિ ફેરવે.

૪ સામાયિકમાં કાયા વડે કંઈ પાપવાળા અર્થની સંજ્ઞા કરે.

૫ થાંભલા વિગેરેને ઓઠીંગણુ દઈને બેસે.

૬ સામાયિકમાં વિના કારણ હાથપગ સંકોચે ને પસારે.

૭ સામાયિકમાં આળસ મરડે, કમ્મર વાંકી ચુકી કર્યા કરે.

૮ આંગળી પ્રમુખના ટાચકા ફોડે.

૯ ખસ વિગેરે વલુરે, ખરજ ખણે.

૧૦ સામાયિકમાં હાથનો ટેકો દઈને બેસે, ગળે હાથ દઈને બેસે.

૧૧ બેઠા બેઠાં નિદ્રા લે, ઝોકાં ખાય.

૧૨ ટાઢ પ્રમુખના કારણથી આખું શરીર ઢાંકીને બેસે.

૧૦ મનના. ૧૦ વચનના, ૧૨ કાયાના મળીને આ ૩૨ દોષ સામાયિકમાં તેમજ પોસહમાં ટાળવાનો ઉદ્યમ કરવો.

કાઉસ્સગ્ગના ૧૯ દોષ.

૧ ઘોડાની પેઠે એક પગ ઉંચો રાખે, વાંકો પગ રાખે તે ઘોટક દોષ.

૨ જેમ પવનથી વેલડીહાલે તેમ શરીરને ધુણાવે તે લતા દોષ.

૩ થાંભલા પ્રમુખને ઓઠીંગણુ દઈને બેસે તે સ્તંભાદિ દોષ.

૪ ઉપર મેડી અથવા માળ હોય તેને મસ્તક ટેકાવી રાખે તે માલ દોષ.

૫ ગાડાની ઉધિની પેઠે અંગુઠા તથા પાની મેળવીને પગ રાખે તે ઉધિ દોષ.

૬ નિગડમાં પગ નાંખ્યાની પરે પગ પહોળા રાખે તે निगड દોષ.

૭ નગ્ન ભિલડીની પેરે ગુહ્યસ્થાન કે હાથ રાખે તે शबरि દોષ.

૮ ઘોડાના ચોકડાની પરે હાથ રજોહરણયુક્ત આગળ રાખે તે खलिण દોષ.

૯ નવપરણીત વહુની પરે માથું નીચું રાખે તે वधु દોષ.

૧૦ નાભિની ઉપર અને ઢીંચણથી નીચે લાંબુ વસ્ત્ર રાખે તે लंबोत्तर દોષ.

૧૧ ડાંસ મસાના ભયથી અજ્ઞાનથી અથવા લજ્જાથી હૃદયને આચ્છાદાન કરી સ્ત્રીની પરે ઢાંકી રાખે તે स्तन દોષ.

૧૨ શીતાદિકના ભયથી સાધ્વીની જેમ બંને સ્કંધ ઢાંકી રાખે એટલે સમગ્ર શરીર આચ્છાદિત રાખે તે संयति દોષ.

૧૩ આલાવો ગણવાને અર્થે અથવા કાર્યોત્સર્ગની સંખ્યા ગણવાને અંગુલી તથા પાંપણના ચાળા કરે તે भमुहंगुली દોષ.

૧૪ કાગડાની પેરે ડોળા ફેરવે તે वायस દોષ.

૧૫ પહેરેલા વસ્ત્ર સુકા અથવા પ્રસ્વેદે કરી મલીન થવાના ભયથી કોઠની પરે લુગડું ગોપવી રાખે તે कपित्थ દોષ.

૧૬ યક્ષાવેશિતની પરે માથું ધુણાવે તે शिरःकंप દોષ.

૧૭ મુંગાની પરે હું હું કરે તે मूक દોષ.

૧૮ આલાવો ગણતાં મદિરાની પરે બડબડાટ કરે તે मदिरा દોષ.

૧૯ વાનરની પરે આસપાસ જોયા કરે હોષ્ટપુટ ચલાવે તે प्रेक्ष દોષ.

તપ ચિંતવનનો કાઉસ્સગ્ગ.

શ્રી વર્ધમાન સ્વામીના કરેલા છ માસિક તપને હે ! જીવ તું કરી શકીશ ? આ પ્રશ્નનો ઉત્તર મનમાં ચિંતવે કે શક્તિ નથી. છ માસમાં એક દિવસ ઓછો કરી શકીશ ? મનમાં ચિંતવે કે શક્તિ નથી. બે દિવસ ઓછા કરી શકીશ ? શક્તિ નથી. એ પ્રમાણે ૨૯ ઉપવાસ સુધી ચિંતવે. પછી મનમાં ચિંતવે કે પાંચ મહીના કરી શકીશ ? શક્તિ નથી. એ પ્રમાણે ચાર મહીના કરી શકીશ ? શક્તિ નથી. ત્રણ માસ કરી શકીશ શક્તિ નથી, બે માસ કરી શકીશ ? શક્તિ નથી. એમ યાવત્ એક માસ કરી શકીશ ? શક્તિ નથી. એક માસમાં એક ઉપવાસ ઓછો કરી શકીશ ? એમ ૧૩ ઉપવાસ સુધી ચિંતવે પછી ચોત્રીસ ભક્ત. બત્રીશ ભક્ત, ત્રીશ ભક્ત, કરી શકીશ ? એમ બબ્બે ભક્ત ઓછા કરી યાવત્ ચોથ ભક્ત સુધી ચિંતવે. પછી આયંબિલ, નીવી, એકાસણું, બીયાસણું અવઢ્ઢ, પુરિમુઢ્ઢ. સાઢપોરિસી, પોરિસી, નવકારશી પર્યંત ચિંતવે. તમાં જ્યાંસુધી કરવાની શકિત હોય અથવા તો જે તપ કરેલ હોય ત્યાંસુધી આવે ત્યારથી એમ વિચારે કે શકિત છે પણ પરિણામ નથી. પછી ત્યાંથી ઘટતાં ઘટતાં જે પચ્ચખ્ખાણ કરવું હોય ત્યાંસુધી આવતાં અટકે અને વિચારે કે શકિત પણ છે અને પરિણામ પણ છે. આ પ્રમાણે વિચાર કરી મનમાં નિશ્ચય ધારણ કરીને કાયોત્સર્ગ પારે. આ કાયોત્સર્ગમાં કરવાનું તપ ચિંતવન જેને ન આવડતું હોય તેઓ સોલ નવકારનો કાઉસ્સગ્ગ કરે એમ પ્રવર્તન છે. પણ મુખ્ય વૃત્તિએ તપ ચિંતવનજ કરવાનું છે. માટે અવશ્ય તપચિંતન કરતાં શીખી લેવું.

સમાપ્ત.